Wednesday
28.01.2026
✳Volume :10 ✳ Issue No.200
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રીએ ઉત્સાહ અને રાષ્ટ્રીય ગૌરવ સાથે ઉજવવામાં આવેલા પ્રજાસત્તાક દિવસની ઉજવણીની પ્રશંસા કરી

પ્રધાનમંત્રીએ પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભારતની સાંસ્કૃતિક વિવિધતાના જીવંત પ્રદર્શન પર પ્રકાશ પાડ્યો

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતે ખૂબ જ ઉત્સાહ અને ગૌરવ સાથે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કર્તવ્ય પથ પરની ભવ્ય પરેડે ભારતની લોકશાહીની તાકાત, તેના વારસાની સમૃદ્ધિ અને રાષ્ટ્રને એકસાથે બાંધતી એકતાનું પ્રદર્શન કર્યું હતું. ઉજવણીની ઝલક શેર કરતા તેમણે કહ્યું કે પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન કર્તવ્ય પથ રાષ્ટ્રીય ગૌરવના શક્તિશાળી પ્રદર્શનનો સાક્ષી બન્યો હતો. પ્રધાનમંત્રીએ

આપણી પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેનની યજમાની કરવી એ ભારત માટે સૌભાગ્યની વાત છે: પ્રધાનમંત્રી

કહ્યું કે ભારત પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ શ્રી એન્ટોનિયો કોસ્ટાને યુરોપિયન કમિશનના પ્રમુખ સુશ્રી ઉર્સુલા વોનડેર લેયેનની યજમાની કરીને ગૌરવ અનુભવે છે. તેમણે નોંધ્યું કે તેમની હાજરી ભારત-યુરોપિયન યુનિયન ભાગીદારીની વધતી જતી તાકાત અને સમાન મૂલ્યો પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે આ મુલાકાત વિવિધ ક્ષેત્રોમાં ભારત અને યુરોપ વચ્ચે ગાઢ બનતા જોડાણ અને સહકરને વેગ આપશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભારતની પ્રચંડ સુરક્ષા પ્રણાલીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જે રાષ્ટ્રની સક્ષમતા, તકનીકી ક્ષમતા અનેતેના નાગરિકોની સુરક્ષા માટેની અટલ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. શ્રી મોદીએ કહ્યું કે પ્રજાસત્તાક દિવસની પરેડે ભારતના સુરક્ષા દળોની મજબૂત થતી ક્ષમતા ઓની ઝલક આપી છે. તેમણે કહ્યું કે ભારતના સુરક્ષા દળો ખરેખર રાષ્ટ્રનું ગૌરવ છે, અને પરેડ દરમિયાન તેમની પ્રભાવશાળી હાજરી દર્શાવતી ઝલક શેર કરી હતી. તેમણે કહ્યું કે પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન કર્તવ્ય પથ પર ભારતની સાંસ્કૃતિક વિવિધતા (cultural mosaic) નું જીવંત પ્રદર્શન જોવા મળ્યું હતું. શ્રી મોદીએ નોંધ્યું હતું કે પરેડમાં જીવંત પ્રદર્શન અને ઝાંખીઓ દ્વારા ભારતની સાંસ્કૃતિક વિવિધતાની ઉજવણી કરવામાંઆવી હતી, જે રાષ્ટ્રના સમૃદ્ધ અને વિવિધ વારસાને પ્રતિબિંબિત કરે છે. ૬ પોસ્ટની શ્રેણીમાં પ્રધાનમંત્રીએ કહ્યું: "ભારતે ખૂબ જ ઉત્સાહ અને ગૌરવ સાથે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી. કર્તવ્ય પથ પરની ભવ્ય પરેડ આ પણી લોકશાહીની તાકાત, આપણા વારસાની સમૃદ્ધિ અને આપણા રાષ્ટ્રને એકસાથે બાંધતી એકતા નું પ્રદર્શન કર્યું.

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે કહ્યું કે, ગૃહ મંત્રાલય દ્વારા રજૂ કરાયેલી ત્રણ નવા ફોજદારી કાયદાઓની ઝાંખી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં વસાહતી અવશેષોને ભૂંસી નાખતા ઐતિહાસિક કાનૂની સુધારાઓને રજૂ કરે છે

આ કાયદાકીય સુધારાઓએ ભારતની સજા લક્ષી (Punishment Oriented)થી ન્યાય લક્ષી (Justice Oriented) કાયદાકીય પ્રણાલી તરફની સફરની શરૂઆત કરી છે

નવી e-Sakshya, e-Summons, ન્યાય શ્રુતિ, NAFIS અને ICJS પ્રણાલીઓનું યોગ્ય રીતે પ્રદર્શન કરીને, તે નાગરિકોને ન્યુ દિલ્હીમાં ઝડપી, સચોટ અને નાગરિક -કેન્દ્રી ન્યાય પ્રણાલીની સર્વોપરિતા પ્રત્યે સંવેદનશીલ બનાવે છે

કમલમ્,

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું છે કે પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગૃહ મંત્રાલય (MHA) દ્વારા પ્રસ્તુત ત્રણ નવા ફોજદારી કાયદાઓની ઝાંખીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ વસાહતી અવશેષોને ભૂંસી નાખતા ઐતિહાસિક કાયદાકીય સુધારાઓને મૂર્ત સ્વરૂપ આપ્યું છે, જે ભારતની સજા લક્ષી (Punishment Oriented) થી ન્યાય લક્ષી (Justice Oriented) કાયદાકીય પ્રણાલી તરફની સફરની શરૂઆત કરે છે. X પરની એક પોસ્ટમાં, કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે કહ્યું, "આજે પ્રજાસત્તાક દિવસની પરેડમાં MHA દ્વારા પ્રસ્તુત ત્રણ નવા ફોજદારી કાયદાઓની ઝાંખીએ મોદીજીના નેતૃત્વ હેઠળ વસાહતી અવશેષોને ભૂંસી નાખતા ઐતિહાસિક કાયદાકીય સુધારાઓને મૂર્ત સ્વરૂપ આપ્યું છે, જે ભારતની સજા લક્ષી થી ન્યાય લક્ષી કાયદાકીય પ્રણાલીતરફનીસફરનીશરૂઆતકરેછે. નવીe-Sakshya,eSummons, ન્યાયશ્રુતિ, NAFIS અને ICJS પ્રણાલીઓનુંયોગ્યરીતેપ્રદર્શનકરીને,તે નાગરિકોને ન્યુ ઈન્ડિયામાં ઝડપી, સચોટ અનેલોકકેન્દ્રીન્યાયપ્રણાલીની સર્વોપરિતા પ્રત્યે સંવેદનશીલ બનાવે છે."

૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી વાવ - થરાદ જિલ્લા માટે ગૌરવશાળી ક્ષણ

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ધ્વજવંદન કરીને રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિ: ધ્વજ વંદન સમારોહની ભવ્યતા અને ઉત્સાહમાં ઉમેરો

કમલમ્,પાલનપુર

વિકાસ,વિશ્વાસ અને વિરાસતનું પ્રતીક વાવ-થરાદ જિલ્લામાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. થરાદના મલુપુર પરેડ ગ્રાઉન્ડ ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ ધ્વજવંદન કરીને રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી હતી. આ ખાસ અવસરે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહીને ધ્વજવંદન સમારોહની ભવ્યતામાં વધારો ક્યો હતો. આ વેળાએ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ માર્ચ પાસ્ટ નિરીક્ષણ કર્યું હતું. તેઓની સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ પણ જોડાયા હતા. વાયુદળે હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરીને નિરંગાની આન, બાન, શાનને ઉજાગર કર્યું હતું. પરેડ માર્ચ પાસ્ટના માધ્યમથી શૌર્ય અને સમર્પણને ઉજાગર કરતાં પોલીસ જવાનોની વિવિધ ૨૨ ટુકડીમાં કુલ ૮૧૦ જવાનોએ રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી હતી.

રાષ્ટ્રધ્વજનું સન્માન અને સલામી

દેશભક્તિના ઉમંગભર્યા વાતાવરણ વચ્ચે ગુજરાતની વિકાસગાથાને અવિરત આગળ વધારવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ, અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી સહિત સમારોહમાં ઉપસ્થિત જનપ્રતિનિધિશ્રીઓ, પ્રશાસનના અધિકારીઓ, સમાજ શ્રેષ્ઠીઓ, અતિથિગણ, યુવાપેઢી, મહિલાઓ બાળકો સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ દેશભક્તિના જુવાળ સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. ફન ફેર હર્ષ ધ્વનિએ રાષ્ટ્રીય પર્વને સોહામણો બનાવ્યો હતો.

માર્ચ પાસ્ટ

પોલીસ બેન્ડની મધુર સુરાવલિ સાથે પોલીસના જવાનોની શિસ્તબદ્ધ પરેડ અને માર્ચ-પાસ્ટ યોજાઈ હતી. ચેતક કમાન્ડો, મરીન કમાન્ડો, એસઆરપીના જવાનો, પોલીસના વિવિધ સંવર્ગ મહિલા-પુરુષ પ્લાટૂન, એસપીસી, સૈનિક સ્કૂલ, એનસીસી, એનએનએસના કેડેટ્સની આ પરેડમાં ઉપસ્થિત સૌએ મજા માણી હતી.

આ ઉપરાંત ચેતક કમાન્ડોના બુલેટ પ્રૂફ વાહનોનું નિદર્શન (ટેબ્લો), હિલચકડક મોટર સાઇકલ સ્ટંટશો તેમજ રાજ્યના ગૌરવવંતા ગુજરાત શ્વાનદળ, ગુજરાત અશ્વદળના સુંદર કરતબોની પ્રસ્તુતિ દ્વારા સૌ કોઈ રોમાંચિત થયા હતા. વધુમાં પોલીસ વિભાગ દ્વારા રાજ્યોના વિવિધ પરંપરાગત નૃત્યની પ્રસ્તુતિ સાથે વીરરસથી ભરપૂર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયો હતો. શાળાના વિદ્યાર્થીઓએ અલગ અલગ થીમ આધારે કૃતિઓ રજૂ કરી હતી. પરેડમાં શિસ્ત અને અનુશાસનની અદ્વિતીયઝલક નિહાળતાં રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ જવાનોના શ્રેષ્ઠ પ્રદર્શન અને સમર્પણના ભાવનાની પ્રશંસા કરી હતી.

દેશના ૭૭ માં ગણતંત્ર દિવસના અવસરે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે ધ્વજવંદન સમારોહ યોજાયો

દેશની આઝાદી માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર વીર સપૂતોનું સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના દીઘદ્રષ્ટા નેતૃત્વ હેઠળ આજે સાચા અર્થમાં સાકાર થતું જોવા મળી રહ્યું છે- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

૧૪૦ કરોડ ભારતીયોનો સહયોગથી ભારત "વિકસિત ભારત-૨૦૪૭"ના પથ પર અગ્રેસર

કમલમ્,

દેશના ૭૭મા પ્રજાસત્તાક પર્વના પાવનઅવસરે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, પ્રદેશ મહામંત્રીશ્રીઓ, પ્રદેશ પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્ય શ્રીઓ, સિનિયર આગેવાનો, અગ્રણીઓ સહિત વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓ અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યાં હતાં. સૌ નાગરિકો ને દેશના ૭૭મા પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ભારત આજે "વિકસિત ભારત"ની દિશામાં દ્રઢપણે આગળ વધી રહ્યું છે. દેશની આઝાદી માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર વીર સપૂતોનું સ્વતંત્ર, સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતનું જે સ્વપ્ન હતું તે આજે સાચા અર્થમાં સાકાર થતું જોવા મળી રહ્યું છે. સમગ્ર વિશ્વ આજે ભારતની વિકાસયાત્રાને સન્માન અને ગૌરવની નજરે જોઈ રહ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જોયેલું "વિકસિત ભારત-૨૦૪૭"નું સ્વપ્ન આજે દેશના ૧૪૦ કરોડ નાગરિકોના સામુહિક પ્રયાસોથી સાકાર થવાની દિશામાં આગળ વધી રહ્યું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દીઘદ્રષ્ટા નેતૃત્વમાં ભારતે વૈશ્વિક સ્તરે નવી ઓળખ ઉભી કરી છે. શ્રી મોદીજીએ ગુજરાતના વિકાસની કંડારેલી વિકાસની કેડી પર આજે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના સર્વાંગી વિકાસ માટે સંપૂર્ણનિષ્ઠા સાથે કાર્ય કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, ગામડાં, ગરીબ, આદિવાસી, ખેડૂત, વંચિત વર્ગ, મહિલાઓ અને યુવાનો તમામ માટે સરકારની યોજનાઓ થકી સર્વસ્પર્શી વિકાસ સુનિશ્ચિત થયો છે. યુવાનો માટે સ્ટાર્ટઅપ ઇન્ડિયા, મહિલાઓ માટે લખપતિ દીદી યોજના, ખેડૂતો માટે કલ્યાણકારી યોજનાઓ તથા ડિફેન્સ ક્ષેત્રે આત્મનિર્ભર બનવાની દિશામાં ભારતે ઐતિહાસિક પ્રગતિ કરી છે. આજે કાશ્મીરના લાલ ચોક પર ગૌરવપૂર્વક તિરંગો લહેરાય છે અને આર્ટિકલ ૩૭૦ હટાવવાનો ઐતિહાસિક નિર્ણય દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના દ્રઢ નેતૃત્વનું પરિણામ છે. અંતમાં તેમણે જણાવ્યું હતું કે, આઝાદ ભારતના સ્વપ્નને સાકાર કરવામાં ૧૪૦ કરોડ ભારતીયોનો સહયોગ પ્રધાનમંત્રીશ્રી મોદીજીને મળી રહ્યો છે અને આ દિશામાં ભારત સતત આગળ વધી રહ્યું છે.

પ્રજાસત્તાક દિન આપણને આપણા સંવિધાનની શક્તિ, લોકશાહી પરંપરા અને રાષ્ટ્રીય એકતાનું સંસ્મરણ કરાવતો દિવસ - ડૉ. આશિષકુમાર દવે

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના સશક્ત નેતૃત્વ હેઠળ આત્મનિર્ભરતા તરફ અગ્રેસરતા, ડિજિટલ ક્રાંતિ, આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વસમાવેશક વિકાસના માધ્યમથી દેશ નવી ઊંચાઈઓ હાંસલ કરી રહ્યો છે- ડૉ. આશિષકુમાર દવે

કમલમ્,

દેશના ૭૭ માં પ્રજાસત્તાક દિવસના અવસરે ગાંધીનગર મહાનગર ભાજપા કાર્યાલય, સે.૮ ખાત શહેર ભાજપ પ્રમુખ ડૉ. આશિષકુમાર દવેની અધ્યક્ષતામાં ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય રીટાબેન પટેલ, સંગઠન અને મહાનગરપાલિકાના ભાજપના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. આશિષકુમાર દવેએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, પ્રજાસત્તાક દિન આપણને આપણા સંવિધાનની શક્તિ, લોકશાહી પરંપરા અને રાષ્ટ્રીય એકતાનું સંસ્મરણકરાવતો દિવસ છે. ભારતના બંધારણના શિલ્પકાર ડૉ. બાબાસાહેબ આંબેડકરના દુરદર્શી વિચારો અને માર્ગદર્શન હેઠળ રચાયેલું આપણું સંવિધાન આજે દેશના દરેક નાગરિકને સ્વતંત્રતા, સમાનતા અને ન્યાયની ખાતરી આપે છે. આજનો દિવસ સ્વતંત્ર ભારતના ઘડવૈયાઓ અને વીર શહીદોના બલિદાનને નમન કરવાનો દિવસ પણ છે. તેમણે વધુમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સશક્ત નેતૃત્વ હેઠળ ભારત આજે 'વિકસિત ભારત' ના લક્ષ્ય તરફ આત્મવિશ્વાસપૂર્વક આગળ વધી રહ્યું છે.

આત્મનિર્ભરતા તરફ અગ્રેસરતા, ડિજિટલ ક્રાંતિ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સર્વસમાવેશક વિકાસના માધ્યમથી દેશ નવી ઊંચાઈઓ હાંસલ કરી

તંત્રી સ્થાનેથી.....

સામાજિક સંવાદિતા, શાંતિ, કરુણા અને પરસ્પર સહઅસ્તિત્વના કાલાતીત બૌદ્ધ જ્ઞાનની પ્રાસંગિકતાને હાઇલાઇટ કરવા માટે, ગ્લોબલ બુદ્ધિસ્ટ સમિટમાં ભાગ લેનારા ૪૦ દેશોનું પ્રતિનિધિત્વ કરતા આંતરરાષ્ટ્રીય સાધુઓ અને સાધ્વીઓનું એક મોટું જૂથ આ વર્ષની પ્રજાસત્તાક દિવસની પરેડમાં સન્માનિત અતિથિઓ તરીકે ઉપસ્થિત રહેશે. સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી "સામૂહિક જ્ઞાન, સંયુક્ત અવાજ અને પરસ્પર સહઅસ્તિત્વ" થીમ પર ૨૪-૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ઇન્ટરનેશનલ બુદ્ધિસ્ટ કોન્ફેડરેશન (IBC) દ્વારા આયોજિત આ કાર્યક્રમ, સંઘર્ષોના શાંતિપૂર્ણ નિરાકરણ, વૈશ્વિક અસમાનતાઓ અને પર્યાવરણીય કટોકટી માટે બુદ્ધની ભૂમિ તરફથી ભારતનો સંદેશ પણ છે. આજે એક પ્રેસ કોન્ફરન્સમા IBC ના જનરલ સેક્રેટરી વેન શાર્તસે ખેન્સુર રિનપોચે જાંગચુપ ચોડેને કહ્યું હતું કે, "પરંડામાં ભારત તેની તાકાતનું પ્રદર્શન કરશે, પરંતુ તે બુદ્ધ ધમ્મની ભૂમિ પણ છે, જે વિશ્વના ઘણા દેશોમાં શાંતિ, પ્રેમ અને દયાનો સંદેશ ફેલાવે છે. અમે કરુણા અને સંભાળની શક્તિમાં માનીએ છીએ. આજે આપણને વિશ્વમાં શાંતિ અને મૈત્રીપૂર્ણ સહઅસ્તિત્વની જરૂર છે."

IBC ના ડાયરેક્ટર જનરલ શ્રી અભિજીત હલ્દરે નોંધ્યું હતું કે પ્રજાસત્તાક દિવસ તે દિવસને પણ ચિહ્નિત કરે છે જે દિવસે ભારતનું બંધારણ અમલમાં આવ્યું હતું. બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોએ ભારતના બંધારણને પ્રભાવિત કર્યું છે; સમાનતા, કરુણા અને અહિંસાના આદર્શો બંધારણનો અભિન્ન ભાગ છે. તેમણે હાઇલાઇટ કર્યું હતું કે, "બૌદ્ધ સંઘ એ સહભાગી લોકશાહીનું પ્રારંભિક મોડેલ હતું, જેણે ભારતીય સંસદીય પ્રણાલીમાં અપનાવવામાં આવેલા લોકશાહી ધોરણો અને પ્રક્રિયાઓને પ્રભાવિત કર્યા હતા." તેમણે જણાવ્યું હતું કે પરેડમાં એક તરફ સશસ્ત્ર દળોનું પ્રદર્શન, નૌકાદળ અને વાયુસેનાની શક્તિ અને સશસ્ત્ર સાધનો હશે, અને બીજી તરફ આદરણીય સાધુઓ અને સાધ્વીઓનું મોટું જૂથ શાંતિ અને કરુણાનું પ્રગટીકરણ હશે; જે અરાજકતાભર્યા વિશ્વ માટે એક સંદેશ હશે કે નિરાકરણ માટે ધમ્મ એ જ અંતિમ માર્ગ છે. શ્રીલંકાના IBC ના ઉપ્યુટી સેક્રેટરી જનરલ ડૉ. દમેન્દા પોરેગે ઉમેર્યું હતું કે "બુદ્ધ ધમ્મ એ ભારતનો અનિવાર્ય વારસો હતો જે મારા દેશમાં ફેલાયો હતો. અમને શ્રીલંકાના આધ્યાત્મિક પુનરુત્થાનની ઘોષણા કરતા કારીગરોની સાથે બૌદ્ધ સિદ્ધાંત પ્રાપ્ત થયો. ભારત વિશ્વ માટે એક પ્રકાશ સમાન છે: જે શક્તિ અને આધ્યાત્મિક દ્વાર બંનેનું પ્રદર્શન કરે છે," તેમણે સમાપન કર્યું. આ બે દિવસીય સમિટમાં ૪૦ દેશોના ૮૦૦ થી વધુ પ્રતિનિધિઓ એકત્ર થયા હતા જેમાં ૨૦૦ થી વધુ વિદેશી સહભાગીઓ સામેલ હતા, જેમાં આશરે ૧૦૦ સંઘના પ્રતિનિધિઓ હતા. આમાં ભારતના રાજદ્વારીઓ, શિક્ષણવિદો, વિદ્વાનો અને સામાન્ય પ્રેક્ટિશનરો (lay practitioners) પણ સામેલ હતા.

જેતપુરમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજકોટ જિલ્લાકક્ષાની શાન-બાન-આનથી ઉજવણી

મંત્રીશ્રીના હસ્તે રાજકોટ જિલ્લાના સ્વર્ણિમ વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ : સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિજનો અને ૭૦ કર્મયોગીઓનું સન્માન

કમલમ્,રાજકોટ,

જેતપુરમાં ખેલિયેડ ગ્રાઉન્ડ ખાતે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજ રોજ ૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં ધ્વજવંદન કરીને, પ્રજાસત્તાક દિવસની શાન-બાન-આનથી ઉજવણી કરાઈ હતી. આ તકે ઉપસ્થિતોએ રાષ્ટ્રગાન જૈન ગણ મન'ની બેન્ડ સુરાવલી સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ જિલ્લા કલેક્ટર શ્રી ડો. ઓમ પ્રકાશ અને પોલીસ અધિક્ષક શ્રી વિજયસિંહ ગુર્જરની સાથે પરેડ નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ પરેડ કમાન્ડર પ્રોબેશનરી આઈ.પી.એસ. ઓફિસર શ્રી પ્રખરકુમાર અને ઉપકમાન્ડર પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પાર્થરાજસિંહ જાડેજાની આગેવાની હેઠળ મહિલા પોલીસ, અશ્વ દળ સહિત ગ્રામ્ય પોલીસ જવાનોની ૦૫ ટીમોએ બેન્ડ સૂરના તાલે શિસ્તબદ્ધ માર્ચપાસ્ટ કરી હતી. આ તકે સખી કેન્ટીન-સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ, સામાજિક વનીકરણ, ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતી, રાહવીર યોજના,પશુપાલન, આયુષ્માન ભારત યોજના, અભયમ્ હેલ્પલાઈન, પા પા પગલી યોજના, સ્માર્ટ વિલેજ પાવર ગ્રીડ વીથ રીન્યુબલ એનર્જી, જનરક્ષક વાન, ક્વિક રિસ્પોન્સ ટીમ જેવી થીમ આધારિત ૧૧ જેટલા ટેબ્લોનું પ્રદર્શન કરીને લોકોને યોજનાકીય માહિતી અપાઈ હતી. ટેબ્લોપ્રદર્શિત કરનારી તમામ કચેરીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ અવસરે ગુજરાત સરકારના કૃષિ મંત્રી તથા રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ સૌને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે ભારતનું બંધારણ સ્વતંત્રતા, સમાનતા, ન્યાયની સાથે લોકશાહીની મહત્તા સમજાવે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જનહિતને કેન્દ્રસ્થાને રાખીને 'નેશન ફર્સ્ટ'ની કર્તવ્યભાવના સાથે 'વિકસિત ભારત' તરફના માર્ગે આગળ વધી રહ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારત દેશને વર્ષ ૨૦૪૭માં વિકસિત દેશ બનાવવાનું વિઝન આપણને આપ્યું છે. ત્યારે રાજ્ય સરકાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ 'વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત'ની સંકલ્પનાને સાકાર કરવા પ્રયાસશીલ છે. રાજ્ય સરકાર સોમનાથ સ્વાભિમાન, પર્વ, ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિની ઉજવણી જેવા કાર્યક્રમ થકી ઈતિહાસ અને સંસ્કૃતિને સાથે રાખીને વર્તમાનમાં પ્રગતિ કરી રહી છે. મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે ગુજરાત સરકાર રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ મહિલાઓને સ્વસહાય જૂથ સાથે જોડીને, તેઓને આત્મનિર્ભર બનાવી રહી છે. રાજ્યમાં ડ્રોન દીદી યોજનાથી અનેક મહિલાઓ કામ અને આવક મેળવે છે. રાજ્ય સરકાર કમોસમી વરસાદ હોય કે અતિવૃષ્ટિ હોય, હરહંમેશ ખેડૂતોની સાથે રહી છે. જેનું ઉત્તમ ઉદાહરણ અતિવૃષ્ટિથી થયેલા નુકસાનના વળતર રૂપે જાહેર કરાયેલું ઐતિહાસિક 'કૃષિ રાહત પેકેજ' છે. રાજ્યપાલ શ્રી આચાર્યદેવવ્રતજીના નિરંતર પ્રયાસો અને મિશન મોડ કામગીરીથી રાજ્યભરમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપ વધ્યો છે. ત્યારે ધરતીપુત્રો 'ઝીરો બજેટ' ખેતી અપનાવે તેવો અનુરોધ છે. 'સહકારથી સમૃદ્ધિ'ના સૂત્ર સાથે સહકાર ક્ષેત્ર પણ સરાહનીય કામગીરી કરી રહ્યું છે. આમ, રાજ્ય સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ' મંત્ર ચરિતાર્થ કરી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી તરીકે કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો આરંભ થયો હતો. જેના લીધે બે દાયકામાં ગુજરાત વિકાસનું ગ્રોથ એન્જિન તરીકે ઉભરી આવ્યું છે. એટલું જ નહીં, વાઈબ્રન્ટ સમિટના પરિણામે વિશ્વભરના ઉદ્યોગકારોએ ગુજરાતમાં અબજો રૂ.નું રોકાણ કર્યું છે. આ વર્ષે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર વિસ્તારની પ્રગતિ માટે નવી કેડી કંડારી છે. 'વાઈબ્રન્ટ ગુજરાત'નો દેશને પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનાવવામાં અમૂલ્ય ફાળો રહેશે. ત્યારે દેશને સ્વતંત્ર બનાવવા બલિદાન આપનારા દેશભક્તોએ જોયેલા સશક્ત અને સમૃદ્ધ ભારતના સ્વપ્નને સાકાર કરવામાં યોગદાન આપીએ, તેમ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે 'હિન્દ છોડો' લડતમાં જોડાનારા સ્વાતંત્ર્ય સેનાની વીરજલાલ રાવલ અને 'આઝાદ હિન્દ ફોજ'ના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. છગનભાઈ કટારીયાના પરિજનોને શાલ અને ચરખાની પ્રતિકૃતિથી સન્માનિત કરાયા હતા. ડોગ સ્કવોડ અને હોર્સ રાઈડિંગના દિલધડક કરતબોરજૂ થયાં હતાં, જેને નિહાળીને લોકો મંત્રમુગ્ધ થયા હતાં. દેશભક્તિપૂર્ણ માહોલમાં શાળાઓના વિદ્યાર્થીઓએ તલવાર રાસ સહિત 'માઈ તેરી ચુનરીયા લહેરાઈ', 'સુજલામ્ સુફલામ્ મલયજ શીતલામ્' ગીતો પર સાંસ્કૃતિક નૃત્ય કૃતિઓ તથા કલાકારોએ 'મોરપીછાળા છોગાળા' જેવા ગીતો પર અડિંગો રાસ અને હુડો રાસ રજૂ કર્યા હતાં. તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનારા આશરે ૭૦ સરકારી કર્મયોગીઓને પ્રમાણપત્ર આપીને, તેમનું બહુમાન કરાયું હતું. મંત્રીશ્રીના હસ્તે રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી ડો. ઓમ પ્રકાશને જિલ્લાના સ્વર્ણિમ વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કરાયો હતો. આ તકે મહાનુભાવોએ અશ્વોને ગોળ ખવડાવી, માનવતાવાદી અભિગમ દાખવ્યો હતો. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન બાદ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું. આ વેળાએ રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી પ્રવીણાબેન રંગાણી, ધારાસભ્ય શ્રી જયેશભાઈ રાદડિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદ સુરેશ ગોવિંદ, પ્રાંત અધિકારી શ્રી રાહુલ ગમારા, મામલતદાર શ્રી આશિષભાઈ બારૂકલિખિયા, અગ્રણી શ્રી અલ્પેશભાઈ ઢોલરીયા સહિત અધિકારીઓ, કર્મચારીઓ, આગ્રણીઓએને નાગરિકોઉપસ્થિત રહ્યાં હતાં.

-: મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી :-

- ભારતનું બંધારણ સ્વતંત્રતા, સમાનતા, ન્યાયની સાથે લોકશાહીની મહત્તા સમજાવે છે
- રાજ્ય સરકાર 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ' મંત્ર ચરિતાર્થ કરી રહી છે
- વાઇબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સે સૌરાષ્ટ્ર વિકાસની પ્રગતિ માટે નવી કેડી કંડારી છે

કમલમ્,

૭૭મા પ્રજાસત્તાક દિન નિમિત્તે મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના ગરબા ગ્રાઉન્ડ દિવડા કોલોની કડાણા ખાતે જિલ્લા કક્ષાના ધ્વજવંદન કાર્યક્રમ મંત્રી શ્રી પૂનમચંદ છગનભાઈ બરંડા ના અધ્યક્ષસ્થાને યોજાયો જેમાં સંતરામપુર વિધાનસભાના ધારાસભ્ય શ્રી કુબેરભાઈ ડીંડોરે હાજરી આપી રાષ્ટ્રધ્વજને સલામી આપી. આ તકે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજીત કાર્યક્રમમાં જીલ્લા કક્ષાએ શ્રેષ્ઠ સેવા કરનાર બાળકો, વિશિષ્ટ પ્રતિભાઓને સન્માન કરવામાં આવ્યું. આ તકે આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા શરૂ કરેલ "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કર્યું.

કમલમ્,

કડાણા તાલુકાના માહપુર ખાતે ખોડીયાર જયંતિના પવન અવસરે ખોડીયાર માતાજીના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ધારાસભ્યશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર સહભાગી થઈ માતાજીના ના દર્શન કરી પૂજ્ય સંતગણ ના આશીર્વાદ મેળવવાનો અવસર પ્રાપ્ત થયો. આ મંગલમય પ્રસંગે માતાજી ની આરાધના સહ ભકિત કરવાનો લ્હાવો પ્રાપ્ત થયો.

કમલમ્,

મા શ્રી ખોડિયાર માતાજીની જયંતિ નિમિત્તે મહીસાગર જિલ્લાના કડાણા તાલુકામાં આવેલ દિવડા કોલોની ખાતે આયોજિત રમ્યા પાટોત્સવ ઉજવણી કાર્યક્રમમાં સંતરામપુર વિધાનસભા ધારાસભ્ય શ્રી કુબેરભાઈ ડીંડોરે ને સહભાગી થવાનો અવસર મળ્યો, જેનો અપરંપાર આનંદ અને ગૌરવ અનુભવ્યો. મા ખોડિયાર માતાજીના આશીર્વાદ સૌ પર સદા વરસતા રહે તેવી પ્રાર્થના.

કમલમ્,

મહીસાગર જિલ્લાના લુણાવાડા (આદર્શ વિદ્યાલય) ખાતે મહીસાગર જીલ્લા ભાજપ પરિવાર દ્વારા નવ નિયુક્ત પ્રદેશ સંગઠન મંત્રી શ્રી મુક્તિબેન જોષીજી અને પ્રદેશ સભ્યશ્રી નિમિષા બેન સુથાર નું અભૂતપૂર્વ સન્માન સમારોહમાં સંતરામપુર વિધાનસભા ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડીંડોરે હાજરી આપી. આ તકે મહીસાગર જિલ્લા પ્રભારીશ્રી કનુભાઈ પટેલ, મહીસાગર જિલ્લા ભાજપ પ્રમુખશ્રી દાસ્થભાઇ બારીયા, પંચમહાલ સાંસદ સભ્યશ્રી રાજપાલસિંહ જાદવ, સહિત હોદ્દેદારો, ધારાસભ્યો અને મોટી સંખ્યામાં નાગરિકો,કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી નવનિયુક્ત હોદ્દેદારોનું અભિવાદન કર્યું.

કમલમ્,

૭૮ મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત અમુલ ફેડરેશન અને દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી એ દૂધસાગર ડેરી, મહેસાણા ખાતે ધ્વજવંદન કરી દેશના વીર શહીદો તેમજ ભારતના બંધારણના ઘડવૈયાઓને નમન કર્યા. રાષ્ટ્રપ્રથમની ભાવનાને આત્મસાત કરતાં, લોકશાહીના આ મહાપર્વ પર આવો આપણે સૌ દેશની એકતા અને અખંડિતતાને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ લઈએ અને સાથે મળીને 'વિકસિત ભારત - ૨૦૪૭' ના લક્ષ્યને સિદ્ધ કરવા કટિબદ્ધ બનીએ.

કમલમ્,

કુંવારા ગામ ખાતે દીપકકુમાર કાશીરામભાઈ પટેલના નિવાસસ્થાને આયોજિત પાવન હવન પ્રસંગમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે હાજરી આપી. આ આધ્યાત્મિક અનુષ્ઠાન દ્વારા પરિવારના કલ્યાણ, સુખ-સમૃદ્ધિ અને શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી. હવનની પવિત્ર અગ્નિ અને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે સકારાત્મક ઊર્જાનો અનુભવ થયો અને સૌ સાથે આત્મીય સંવાદનો અવસર પ્રાપ્ત થયો. આ પ્રસંગે સંગઠનના હોદ્દેદારો, એપીએમસી ચેરમેન, ગ્રામજનો, આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

શ્રી ધારંબા માતાજી મંદિર ટ્રસ્ટ, સિદ્ધપુર દ્વારા આયોજિત શ્રી ધારંબા માતાજી હેમાત્મક નવચંડી યજ્ઞમાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત ને ઉપસ્થિત રહીને દિવ્ય અને આધ્યાત્મિક વાતાવરણનો અનુભવ કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો. આ પ્રસંગે શ્રી વિષ્ણુપ્રસાદ કૃષ્ણલાલ ઠાકર તથા કપીલાબેન વિષ્ણુપ્રસાદ ઠાકરની સ્મૃતિમાં નિર્મિત નૂતન "શક્તિદ્વાર" (ગેટ) નું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું. માતાજીની અપર કૃપા સૌ પર વરસે તેવી પ્રાર્થના. આ કાર્યક્રમમાં શ્રી આનંદભાઈ, શ્રી નિર્જરભાઈ, શ્રી ભાસ્કરભાઈ ઠાકર, શ્રી મનીષભાઈ આચાર્ય, શ્રી અજુતભાઈ ઠાકર, શ્રી પ્રવીણભાઈ ચૌધરી, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી કૌશલભાઈ જોશી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી જયુભાઈ પટેલ, શ્રી મિહિરભાઈ પાઠ્યા, શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી જગદીશભાઈ પટેલ, શ્રી એશભાઈ જોશી, શ્રી શંભુભાઈ દેસાઈ, વરિષ્ઠ આગેવાનો, સંગઠનના હોદ્દેદારો તેમજ ભાવી ભક્તો ઉપસ્થિત રહ્યા હતા

કમલમ્,

૭૭માં પ્રજાસત્તાક દિવસના પાવન અવસરે ગોકુળ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર ખાતે ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રધ્વજ ફરકાવી ગૌરવભેર પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી. આ અવસરે પ્રસંગોચિત ઉદ્બોધન દ્વારા રાષ્ટ્રપ્રેમ, ત્યાગ અને કાંતિકારી ભાવનાને ઉજાગર કરી પ્રેરણાત્મક વિચારો રજૂ કરવામાં આવ્યા. ભારતના બંધારણે આપેલા અધિકારો અને ફરજોનું સમજણ કરી દેશના વિકાસમાં સૌની ભાગીદારી કેટલી મહત્વની છે તે અંગે સંદેશ અપાયો. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના દ્રઢ અને દ્રષ્ટિવાન નેતૃત્વ હેઠળ ભારત "વિકસિત ભારત" તરફ આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. આ વિકાસયાત્રામાં યુવાનોની ભૂમિકા સૌથી મહત્વની છે—શિક્ષણ, નવીનતા, ટેકનોલોજી અને રાષ્ટ્રસેવા દ્વારા યુવા શક્તિ દેશના ભવિષ્યનું નેતૃત્વ કરી રહી છે. સ્વાવલંબી, સશક્ત અને સમૃદ્ધ ભારતના નિર્માણ માટે સૌએ એકજૂટ થઈ સંકલ્પબદ્ધ થવાનો આ અવસર છે. આ કાર્યક્રમમાં ડો. એમ. એસ રાવ, ડૉ. હેમુજી રાજપૂત, શ્રી નવીનચંદ્ર મોદી, શ્રી વિક્રમસિંહ ઠાકોર, શાળાના વિદ્યાર્થીઓ, કોલેજના સ્ટાફ મિત્રો, તેમજ લોકો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

નાગવાસણ ગામના સર્વાંગી વિકાસની દિશામાં ધારાસભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે અંદાજિત રૂ. ૩.૦૦ કરોડના વિવિધ વિકાસલક્ષી કાર્યોના ખાતમુહૂર્ત તથા રૂ. ૧૦.૨૧ લાખના કામોના લોકાર્પણ કાર્યક્રમ યોજાયા. આ પ્રસંગે સરકારી માધ્યમિક શાળાના રૂ. ૨.૩૫ કરોડના ખર્ચે નિર્માણ થનારા નવા મકાનનું ખાતમુહૂર્ત રૂ. ૩૫ લાખના ખર્ચે આધુનિક સુવિધાઓ સાથે આરોગ્ય સબસેન્ટર, તરસંગજીપુરા ખાતે પીવાના પાણી માટેના નવા સંપ તેમજ અન્ય અનેક વિકાસકાર્યોનો આરંભ કરવામાં આવ્યો. સાથે જ પ્રાથમિક શાળાના નવનિર્મિત પ્રાર્થના શેડ, ગામમાં નવી બનાવેલ પાણીની પાઈપલાઈન, દાતાશ્રીઓ દ્વારા પંચાયત ઘર ખાતે અર્પણ કરાયેલ ઠંડા પાણીના કુલર તથા ગામની જાહેર જગ્યાઓ માટેની સાઉન્ડ સિસ્ટમનું લોકાર્પણ કરી જનસેવા માટે અર્પણ કરવામાં આવ્યા. આ તમામ કાર્યો ગામના શિક્ષણ, આરોગ્ય અને મૂળભૂત સુવિધાઓને વધુ મજબૂત બનાવી ગામને વિકાસના નવા શિખરે લઈ જશે. આ કાર્યક્રમમાં સંગઠનના હોદ્દેદારો, વરિષ્ઠ આગેવાનો, ગામના સરપંચશ્રી, ગામના આગેવાનો, દાતાશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારના પ્રયાસો 'સશકત, સમૃદ્ધ ભારત'નો પાયો નાખી રહ્યા છે: ડૉ. મનસુખ માંડવિયા

કેન્દ્રીય મંત્રી ડો. મનસુખ માંડવિયાએ ૭૭મા પ્રજાસત્તાક દિવસ પર PM-SYM ના લાભાર્થીઓ સાથે વાતચીત કરી

કમલમ્,

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે ૭૭મા પ્રજાસત્તાક દિવસના અવસરે પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન (PM-SYM) યોજનાના લાભાર્થીઓ સાથે વાતચીત કરી હતી. અસંગઠિત ક્ષેત્રમાં તેમના યોગદાન અને મુખ્ય સામાજિક સુરક્ષા યોજના સાથેના તેમના જોડાણની માન્યતા માં દેશભરમાંથી, ૧૦૦ થી વધુ લાભાર્થીઓ અને તેમના પરિવારનાં સભ્યોને વિશેષ અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. ભારત સરકાર વતી લાભાર્થીનું સ્વાગત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, આ આમંત્રણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની પહેલ પર આપવામાં આવ્યું છે, જે નાગરિક-કેન્દ્રી શાસન અને સર્વસમાવેશક વિકાસ પ્રત્યે સરકારની મક્કમ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સભાને સંબોધતા મંત્રીએ અસંગઠિત કામદારો માટે સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવાના સરકારના સંકલ્પને દોહરાવ્યો હતો. તેમણે કહ્યું કે લોકોની સમસ્યા ઓ અને આકાંક્ષાઓને સમજવા માટે શાસન લોકોની નજીક રહેવું જોઈએ. પ્રજાસત્તાક દિવસની ઉજવણીનો ઉલ્લેખ કરતા, મંત્રીએ રાજપથથી કર્તવ્ય પથ સુધીના પરિવર્તનના પ્રતીકાત્મક મહત્વ વિશે વાત કરી. જે ભારતની વિકસતી લોકશાહી નીતિ અને કર્તવ્યની સામૂહિક ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેમણે સરકારની મુખ્ય કલ્યાણકારી પહેલો પર પ્રકાશ પાડ્યો, જેમાં લગભગ ૮૦ કરોડ લોકો માટે મફત અનાજ, વીજળી અને એલપીજી (LPG) કનેક્શનની વિસ્તૃત પહોંચ, ખેડૂતોને સીધા લાભ હસ્તાંતરણ (DBT) અને બાળકોના શિક્ષણ માટે શિષ્યવૃત્તિનો સમાવેશ થાય છે. તેમણે નોંધ્યું કે આ પગલાં 'સશક્ત, સમૃદ્ધ ભારત'નો પાયો નાખી રહ્યા છે. લાભાર્થીઓએ PM-SYM યોજના હેઠળ નોંધણી કરાવવાના તેમના અનુભવો શેર કર્યા અને ખાતરીપૂર્વકના પેન્શન દ્વારા ભવિષ્ય માટે તેમને મળેલી સુરક્ષાની ભાવના વિશે વાત કરી. લાભાર્થીઓએ તેમને દિલ્હી આમંત્રિત કરવા અને પ્રજાસત્તાક દિવસની પરેડ જોવાની તક આપવા બદલ સરકારનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. આ અનુભવે તેમની માન્યતાને વધુ મજબૂત બનાવી છે કે સરકાર તેમના પડકારો અને આકાંક્ષાઓને સમજે છે, તેમ તેમણે જણાવ્યું હતું.

માંડવી ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વે રજુથયેલા ટેબ્લોએ આકર્ષણ જમાવ્યું

સુરત જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વે ગ્રામ વિકાસ વિભાગનો ટેબ્લો પ્રથમ: ૧૧ વિભાગોએ રજૂ કરી વિકાસની ઝલક

કમલમ્,સોમવાર

૨૬ મી જાન્યુઆરીની સુરત જિલ્લાના માંડવી તાલુકાના ખાતે આયોજીત સરકારના ૧૧ જેટલા વિભાગો દ્વારા રજુ થયેલા ટેબ્લોએ આ ક્ષેત્રકજમાવ્યું હતું. જેમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી-સુરત દ્વારા ગ્રામ વિકાસ વિભાગની પંચસ્તંભ યોજનાઓનો પ્રચાર પ્રસાર કરતી થીમ સાથેના ટેબ્લો પ્રથમ નંબર મળ્યો હતો. આ સાથે પ્રાયોજના વહીવટદારશ્રી માંડવી, નાયબ વનસંરક્ષકશ્રી સામાજિક વનીકરણ વિભાગ સુરત, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારી, અધિક્ષક ઈજનેરશ્રી ડીજીવીસીએલ, જનરલ મેનેજર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પ્રોગ્રામ ઓફિસર આઈ.સી.ડી.એસ.શાખા જિલ્લા પંચાયત સુરત, કાર્યપાલક ઈજનેર જેટકો-કીમ, આરટીઓ વિભાગ દ્વારા વિવિધ થીમ આધારિત ટેબ્લો પ્રદર્શિત કરાયા હતા.

૭૭મા પ્રજાસત્તાક દિવસે કચ્છના રણના સરહદી વિસ્તારમાં વિશ્વના સૌથી મોટા ખાદી ત્રિરંગાનું ઐતિહાસિક પ્રદર્શન

કમલમ્,

૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે,સોમવારે ગુજરાતના સરહદી જિલ્લા ભૂજમાં 'કચ્છના મહાન રણ'માં આવેલા ધોરડો ખાતે દેશભક્તિ અને સ્વદેશી શક્તિનો ઐતિહાસિક સંગમ જોવા મળ્યો.જ્યારે પ્રખર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વ હેઠળ, પૂજ્યબાપુના વારસા, ખાદીમાંથી બનેલો વિશ્વનો સૌથી મોટો સ્મારક રાષ્ટ્રીય ધ્વજ, પૂર્ણ આદર અને ગર્વ સાથે ભવ્ય અને દિવ્ય સ્વરૂપમાં પ્રદર્શિત કરવામાં આવ્યો.આ ખાસ પ્રદર્શનનું આયોજન ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC), સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MSME), ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યું હતું. 'સફેદ મીઠાના રણ' ઉપર પ્રકાશિત આ ઐતિહાસિક ત્રિરંગો, ભારતની દેશભક્તિ, સ્વદેશી ભાવના અને સાંસ્કૃતિક વારસાનું ભવ્ય પ્રતીક બની ગયું. આ પ્રસંગે ઉપસ્થિત લોકોએ દેશની એકતા, અખંડિતતા અને ગૌરવશાળી પરંપરાને જીવંત થતી જોઈ.દેશભરના ખાદી કારીગરોએ વીડિયો સંદેશાઓ દ્વારા કચ્છમાં સ્થાપિત વિશ્વના સૌથી મોટા ત્રિરંગા ધ્વજને સલામી આપીને એક નવો રેકોર્ડ બનાવ્યો. આ પ્રસંગે, ભારતીય સેના અને સરહદ સુરક્ષા દળ (BSF) ના સૈનિકો દ્વારા ખાદીથી બનેલા વિશ્વના સૌથી મોટા રાષ્ટ્રીય ધ્વજને સંપૂર્ણ લશ્કરી સન્માન સાથે ફરકાવવામાં આવ્યો હતો અને પ્રજાસત્તાક દિવસ નિમિત્તે તેને સલામી આપવામાં આવી હતી.રાષ્ટ્રવાદથી ભરેલા આ કાર્યક્રમ દરમિયાન એક ભાવનાત્મક ક્ષણ જોવા મળી, KVIC ના અધ્યક્ષે ભારતીય સેનાના બહાદુર શહીદ સાર્જન્ટ મુરલીધરના પત્ની શ્રીમતી રાજકુમારીનું મંચ પરથી સન્માન કર્યું અને તેમના બલિદાન, સમર્પણ અને રાષ્ટ્ર પ્રત્યેની સેવાને શ્રદ્ધાંજલિ આપી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના અધ્યક્ષ શ્રી મનોજ કુમાર હતા. આ સમારોહમાં ભારતીય સેના અને સરહદ સુરક્ષા દળના વરિષ્ઠ અધિકારીઓ અને જવાનો, સ્થાનિક જનપ્રતિનિધિઓ, ગુજરાત સરકાર અને KVIC ના વરિષ્ઠ અધિકારીઓ અને ખાદી કારીગરો હાજર રહ્યા હતા.રાષ્ટ્રીય તહેવાર પ્રજાસત્તાક દિવસ નિમિત્તે, ગ્રામોદ્યોગ વિકાસ યોજના હેઠળ ગુજરાતના કારીગરોને સાધનો અને ટૂલકિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. એ પણ એક નોંધપાત્ર સંયોગ છે કે ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ, ૨૦૦૧ ના ભુજ ભૂકંપના ૨૫ વર્ષ પૂર્ણ થયા. આ પૃષ્ઠભૂમિમાં, કાર્યક્રમમાં ભૂકંપથી પ્રભાવિત નાગરિકોને યાદ કરવામાં આવ્યા હતા અને કચ્છની અદમ્ય ભાવના, પુનર્નિર્માણ ક્ષમતા અને વિકાસની ઐતિહાસિક યાત્રા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

આ પ્રસંગે બોલતા, KVIC ના અધ્યક્ષ શ્રી મનોજ કુમારે કહ્યું: "૭૭મા પ્રજાસત્તાક દિવસના શુભ અવસર પર કચ્છના રણમાં વિશ્વના સૌથી મોટા ખાદી ત્રિરંગાનું ભવ્ય પ્રદર્શન રાષ્ટ્ર માટે ખૂબ જ ગર્વની ક્ષણ છે.આ કાર્યક્રમ 'ઓપરેશન સિંદૂર' ના બહાદુર સૈનિકોને સમર્પિત છે.આ ઐતિહાસિક સિદ્ધિ માટે, હું માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના પ્રેરણાદાયી નેતૃત્વને શ્રેય આપું છું, જેમના માર્ગદર્શન હેઠળ ખાદી ચળવળને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે એક નવી ઓળખ મળી છે.

આ પ્રસંગે તેમણે દેશના નાગરિકોને ખાદીના મકાનોમાંથી ખાદીના બનેલા ધ્વજ ખરીદવા અને તેમને પોતાના ઘરો પર ફરકાવવા અપીલ કરી.પોતાના સંબોધનમાં તેમણે કહ્યું કે ૨૬ જાન્યુઆરીએ ભુજ ભૂકંપની ૨૫મી વર્ષગાંઠ પણ છે.તેમણે કહ્યું કે ૨૦૦૧ ની વિનાશક દુર્ઘટના પછી, જેણે હજારો પરિવારોને અસર કરી હતી, ભુજે પુનર્નિર્માણ, હિંમત અને નિશ્ચયનું અસાધારણ ઉદાહરણ રજૂ કર્યું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે આજે જે કંઈ નવું છે,આજે જે સુરક્ષિત અને સુવ્યવસ્થિત ભુજ ઉભું છે તે કોઈ સંયોગનું પરિણામ નથી, પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી તરીકેના તેમના દૂરંદેશી નેતૃત્વ, અથાક પરિશ્રમ અને વિકાસલક્ષી વિચારસરણીનું પરિણામ છે.ભુજને ભવિષ્ય માટે આત્મનિર્ભર અને આયોજિત શહેર તરીકે વિકસાવવામાં આવ્યું હતું. KVIC ચેરમેને એમ પણ કહ્યું કે આજે ભૂજ, સરહદી વિસ્તારની નજીક આવેલું હોવાથી, આપણા બહાદુર સૈનિકોની મજબૂત હાજરીથી રાષ્ટ્રની સુરક્ષાનો એક મહત્વપૂર્ણ સ્તંભ બની ગયું છે.આ શહેર નવા ભારતની સુરક્ષા, સંકલ્પ અને શક્તિનું પ્રતીક છે. ભુજમાં સ્થાપિત 'સ્મૃતિ વન'નો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે તે માત્ર એક સ્મારક નથી,તેના બદલે, તે ૨૦૦૧ ની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા નાગરિકોને સમર્પિત એક જીવંત પ્રતીક છે, જે દર્શાવે છે કે કેવી રીતે દુઃખને શક્તિમાં, સ્મૃતિને સંકલ્પમાં અને આપત્તિને રાષ્ટ્ર નિર્માણ માટે પ્રેરણામાં પરિવર્તિત કરી શકાય છે. તેણે વધુમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ખાદી અને ગ્રામોદ્યોગ ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ કરી છે અને દેશના લાખો કારીગરોને આત્મનિર્ભર બનવાની તક મળી છે.છેલ્લા ૧૧ વર્ષોમાં, KVIC એ ઉત્પાદન, માર્કેટિંગ, ડિઝાઈન અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં મોટા સુધારા કર્યા છે, જેનો વ્યાપક પ્રભાવ પડ્યો છે.ખાદી-ગ્રામ્ય ઉદ્યોગોનો વ્યવસાય ૧ લાખ ૭૦ હજાર કરોડ રૂપિયાનો આંકડો પાર કરી ગયો છે, જ્યારે ૨ કરોડથી વધુ લોકોને રોજગાર મળ્યો છે.ખાદી ઉદ્યોગમાં થયેલા ક્રાંતિકારી ફેરફારોને કારણે, કારીગરોની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.ખાદી કારીગરોના મહેનતાણામાં પ્રતિ હેંક ૪ રૂપિયાથી વધારો કરીને ૧૫ રૂપિયા પ્રતિ હેંક કરવામાં આવ્યો છે, જે આ પરિવર્તનનો મજબૂત પુરાવો છે.આ ફક્ત આવકમાં વધારો જ નહીં પરંતુ કારીગરોના સન્માન, આત્મવિશ્વાસ અને જીવનધોરણમાં સકારાત્મક પરિવર્તન પણ દર્શાવે છે. સ્મારક રાષ્ટ્રીય ત્રિરંગો ધ્વજ ભારતીયતાની સામૂહિક ભાવના અને ખાદીની વારસાગત કારીગરીનું પ્રતીક છે.આ ધ્વજ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC) દ્વારા આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી માટે 'આઝાદી કા અમૃત મહોત્સવ' ઉજવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો હતો.તે પહેલા પણ ઘણી વખત પ્રદર્શિત કરવામાં આવ્યું છે. આ ધ્વજ ૨૨૫ ફૂટ લાંબો, ૧૫૦ ફૂટ પહોળો અને (આશરે) ૧૪૦૦ કિલોગ્રામ વજનનો છે.આ ભવ્ય રાષ્ટ્રધ્વજ બનાવવા માટે ખાદી કારીગરો અને સંલગ્ન કામદારોએ લગભગ ૩૫૦૦ કલાક વધારાની મહેનત કરી છે.

આ ધ્વજ બનાવવા માટે હાથથી કાંતેલા અને હાથથી વણાયેલા ખાદી કપાસના ધ્વજની પટ્ટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે આશ્ચર્યજનક રીતે ૪૫૦૦ મીટર લાંબો છે.તે કુલ ૩૩,૭૫૦ ચોરસ ફૂટ વિસ્તારને આવરી લે છે. ધ્વજમાં અશોક ચક્રનો વ્યાસ ૩૦ ફૂટ છે અને આ ધ્વજ તૈયાર કરવામાં ૭૦ ખાદી કારીગરોને ૪૯ દિવસ લાગ્યા હતા. 'ગ્રેટ રન ઓફ કચ્છ' જેવા અનોખા સ્થળે આ વિશાળ ત્રિરંગાનું પ્રદર્શન દેશભરના નાગરિકો માટે પ્રેરણાનો સ્ત્રોત બન્યું છે અને ખાદીના ભવ્ય ભૂતકાળ અને ઉજ્જવળ ભવિષ્યને ઉજાગર કરે છે



માલપુર તાલુકા પંચાયત કચેરી ખાતે ૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે માલપુર તાલુકા પંચાયત પ્રમુખશ્રી ભાગ્યશ્રીબેન પંડ્યાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું, તાલુકા પંચાયત પ્રમુખશ્રીએ સૌને વિકસિત ભારતના નિર્માણ માટે અગ્રેસર બનવા માટેની અપીલ કરી હતી. ભાગ્યશ્રીબેન પંડ્યા એ જણાવ્યું હતું કે આજનો દિવસ ભારતીય ગણરાજ્યની શક્તિ, તેમની વિવિધતા તથા લોકતંત્રના આદરભાવ સાથે સંવિધાનની મહત્તાને ઉજાગર કરે છે. વિવિધતામાં રહેલી એકતા જ ભારતની સાચી શક્તિ છે. આવો સૌ સાથે મળીને એક ભારત શ્રેષ્ઠ ભારતનું નિર્માણ કરીએ! આ પ્રસંગે માલપુર તાલુકા ભાજપા પ્રમુખશ્રી ભાર્ગવભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય રાજનભાઈ પ્રણામી, કારોબારી અધ્યક્ષ ભીખાજી ખાંટ, મહેશભાઈ વણકર, માય ભારત યુથ આઈકન હર્ષું પંડયા, તેમજ અન્ય તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ, તાલુકા પંચાયતના કર્મચારીઓ તેમજ માલપુરના નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં ૭૭માં પ્રજાસત્તાક પર્વની આન-બાન,શાન સાથે ઉજવણી કરાઈ

ઉર્જા અને પેટ્રોલિયમ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ધ્વજવંદન કરી પરેડની સલામી ઝીલી

- ગુજરાતના વિકાસમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સાથે આધુનિક ટેકનોલોજીના સમન્વયથી વિકાસના નવા આયામો સર કરવામાં આવ્યા
- ગુજરાતભરમાં નવા ૧૨૧ સબ સ્ટેશન બનશે, દરિયાઈ વિસ્તારમાં વાવાઝોડા અને અતિવૃષ્ટિ સમયે ખોરવાતા વીજ પુરવઠાને નિવારવા માટે અંડરગ્રાઉન્ડ કેબલની કામગીરી કરવામાં આવશે

કમલમ્,ગાંધીનગ

રાષ્ટ્રની આન, બાન અને શાનસમા ૭૭માં પ્રજાસત્તાક પર્વની ગાંધીનગર જિલ્લા કક્ષાની ઉજવણી માણસા તાલુકા મથકે ઉર્જા અને પેટ્રોકેમિકલ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ પરેડનું નિરીક્ષણ અને ત્રિરંગાને સલામી આપી પ્રજાસત્તાક પર્વની સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. દેશભક્તિ પર્વના ઉમંગભર્યા માહોલમાં થયેલી ઉજવણી દરમિયાન મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે સ્થાનિક નગરજનો, વિદ્યાર્થીઓનું અભિવાદન ઝીલ્યું હતું. આ તકે મંત્રીશ્રીના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. ૭૭માં ગણતંત્ર દિવસ નિમિત્તે ઉર્જા અને પેટ્રોલિયમ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે સ્વતંત્રતા, સમાનતા, બંધુતાના મૂલ્યોના જતન કરતાં બંધારણ અને તેના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરને વંદન કરતા કહ્યું હતું કે, વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "સૌના સાથ, સૌના વિકાસ,સૌના પ્રયાસ અને સૌના વિશ્વાસ"ના મંત્ર સાથે રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક મૂલ્યોના જતન અને વૃદ્ધિ સાથેની કાર્ય સંસ્કૃતિ વિકસાવી છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતના વિકાસમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સાથે આધુનિક ટેકનોલોજીના સમન્વયથી વિકાસના નવા આયામો સર કરવામાં આવ્યા છે. ગુજરાતમાં ક્લીન ગ્રીન એનર્જીને પ્રોત્સાહન સાથે ૨૪,૯૯૪ મેગા વોટ એનર્જી ઉત્પાદન માટેનો ગુજરાત સરકારે સંકલ્પ કર્યો છે. જે માટે ખાવડા, ભાવનગર જેવા અનેક વિસ્તારોમાં સોલાર અને હાઈબ્રીડ એનર્જી પાર્ક બનાવવામાં આવ્યા છે. ગુજરાતમાં ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ૭૭,૪૫૦ ડોમેસ્ટિક અને ૯૮,૦૦૦ થી વધુ ઈન્ડસ્ટ્રીયલ કનેક્શન પૂરાં પાડવામાં આવશે. સોલાર એનર્જીને પ્રોત્સાહન આપવા સરકાર દ્વારા સરકારી ખરાબા પર વીજમથકોની સ્થાપના કરવામાં પણ આવશે તેમ જણાવતા મંત્રીશ્રીએ આ વર્ષમાં ગુજરાતભરમાં નવા ૧૨૧ સબસ્ટેશન બનાવવા તથા દરિયાઈ વિસ્તારમાં વાવાઝોડા અને અતિવૃષ્ટિ સમયે ખોરવાતા વીજ પુરવઠાને નિવારવા માટે અંડરગ્રાઉન્ડ કેબલની કામગીરી અંગે ઘોષણા કરી હતી. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ૨૦૨૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવામાં આવશે. જે માટે યાત્રાધામ અંબાજીને ૧૬૩૦ કરોડના ખર્ચે તબક્કાવાર વિકસાવવામાં આવશે. આ સાથે જ બહુચરાજીને રૂ.૮૦ કરોડ, રૂ.૧૨૫ કરોડના ખર્ચે ડાકોર તેમજ રૂ. ૧૩૦ કરોડના ખર્ચે ગિરનારના પગથિયાંના નવીનીકરણની કામગીરી પ્રવાસન વર્ષ દરમિયાન કરવામાં આવશે. તેમણે ગુજરાતમાંઇઝ ઓફ ડુઈંગમાં રહેલા જનવિશ્વાસને દર્શાવી રાજયની આંતરમાળખાકીય સુવિધાઓની પ્રગતિ વિશે જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી સૌરાષ્ટ્રના સોમનાથ ખાતે તા. ૮ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સોમનાથ પર થયેલા પ્રથમ આક્રમણને ૧૦૦૦ વર્ષની પૂર્ણાહૂતિ અને બે - સરદાર વલ્લભભાઈ પટેલના મંદિરના જીર્ણોદ્ધારના સંકલ્પના ૭૫ વર્ષના સુભગ સમન્વયરૂપે સોમનાથ સ્વાભિમાન પર્વ મનાવવામાં આવ્યું. આ પર્વની ઉજવણીનો હેતુ ભાવિ પેઢીને સોમનાથના ઈતિહાસથી પરિચિત કરાવવાનો હતો. એટલું જ નહીં, આ પર્વ થકી રાષ્ટ્રીય ચેતનાનું જાગરણ એ પણ મુખ્ય ઉદેશ હતો તેમ તેમણે ઉમેર્યું હતું. આ અવસરે ગુજરાતની અને ગાંધીનગર જિલ્લાની પ્રગતિ કાર્યો માટે સદાય તત્પર રહેનાર નિષ્ઠાવાન સરકારી કર્મચારીઓ, રમતવીરો અને અંગદાન મહાદાનના સુત્રને સાર્થક કરી નવજીવન આપનાર દાનવીરોના પરિવાર તથા વિવિધ ક્ષેત્રમાં સરાહનીય સેવાઓ આપનાર ૪૩ કર્મયોગીઓને વિશિષ્ટ સેવાઓ બદલ પ્રશસ્તિપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા.

આ વેળાએ પોલીસ બેન્ડની મધુર સુરાવલિઓની ધૂન વચ્ચે હોમગાર્ડ્ઝ, એન.સી.સી, ડોગ સ્કોડ, પોલીસ જવાનો વગેરે પ્લાટુનની શિસ્તબદ્ધ પરેડ સહિત અન્ય સુરક્ષા જવાનોની પરેડને સૌએ નિહાળી હતી. જેનું સંપૂર્ણ સંચાલન આઈ.પી.એસશ્રી માનસી મીણા દ્વારા કરવામાં આવ્યું હતું. આ તકે માણસા તાલુકાની વિવિધ શાળાઓના બાળકોની રાષ્ટ્રભક્તિ,સ્ત્રી સશક્તિકરણ, વિસરાતી રમતો અને આપણી અદ્વિતીય સંસ્કૃતિને ઉજાગર કરતી નૃત્ય પ્રસ્તુતિઓઓએ સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી. ઉપરાંત વિવિધ વિભાગોના ટેબ્લોએ રસ સભર માહિતી આપતાં આકર્ષણ જમાવ્યું હતું.જેમાંથી પ્રથમ નંબરે UGVCL નો ટેબ્લો તથા દ્વિતીય કેટેગરીમાં હર ઘર જલ અને તૃતીય સ્થાને DRDA વિભાગના માહિતી સભર ટેબ્લોને પુરસ્કૃત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિ. પંચાયત પ્રમુખશ્રી શિલ્પાબેન પટેલ, ધારાસભ્યશ્રી કલોલ લક્ષ્મણજી ઠાકોર, જિલ્લા કલેકટરશ્રી મેહુલ કે.દવે,જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.જે પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રવિતેજા વાસમશેટ્ટી, નિવાસી અધિક કલેકટરશ્રી નિશા શર્મા, મુખ્ય જમીન સંપાદન અધિકારીશ્રી અર્જુનસિંહ વણઝારા સહિત જિ.પં. અને તા.પંચાયતના પદાધિકારીઓ, જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ, નગરજનો, શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ છાવણી સ્થિત પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલયમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી

કમલમ્,

પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય, અમદાવાદ છાવણીમાં તારીખ ૨૬/૦૧/૨૦૨૬ના રોજ ૭૭મા પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ભારત પ્રજાસત્તાકના આ રાષ્ટ્રીય પર્વના શુભ અવસર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન દેશભક્તિ ગીતો પર આધારિત નૃત્ય, ભાષણો તથા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા, જેણે સમગ્ર વાતાવરણને દેશભક્તિથી છલકાવ્યું. આ દિવસ આપણને આપણા સંવિધાનનું સન્માન કરવાની યાદ અપાવે છે. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિની કુમારી વૈષ્ણવી રાઠૌરે પ્રભાવશાળી ભાષણ આપ્યું હતું. જેમાં તેમણે પ્રજાસત્તાક દિવસનું મહત્વ સમજાવીને સંવિધાનના મૂલ્યો, રાષ્ટ્રીય એકતા અને નાગરિકોની જવાબદારીઓ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા. આ અવસરે શાળાના પ્રાચાર્ય શ્રી સચિન કુમાર સિંહ રાઠૌરજીએ પ્રજાસત્તાક દિવસનું મહત્વ સમજાવતા જણાવ્યું કે આપણે આપણા સંવિધાનના મૂલ્યોને જાળવી રાખવા જોઈએ અને દેશના ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણ માટે સૌએ મળીને કાર્ય કરવાનો સંકલ્પ લેવો જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે સમાજ અને દેશ માટે કંઈક સારું કરવું આપણી સૌની જવાબદારી છે અને આપણને આપણા દેશ પ્રત્યે પ્રેમ રાખવો જોઈએ. આ પર્વ આપણને એકતામાં બંધાઈ રહેવા અને દેશની પ્રગતિ માટે કઠોર પરિશ્રમ કરવાની પ્રેરણા આપે છે. આ અવસરે સૌએ દેશના ઉત્તમ ભવિષ્યના નિર્માણનો સંકલ્પ લીધો. વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક અને રસપૂર્વક ભાગ લીધો.

ઉચ્છલ તાલુકાના બાબરઘાટ ખાતે ૭૭મા પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ભવ્ય ઉજવણી

તાપી જિલ્લા કલેક્ટર ડો. વિપીન ગર્ગે ધ્વજવંદન કરીને રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરી

કમલમ્,રાકેશવાળા

તાપી જિલ્લામાં ઉચ્છલ તાલુકાના બાબરઘાટ ખાતે ભારતના ૭૭માં પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ભવ્ય ઉજવણી પ્રસંગે કલેક્ટર ડો. વિપીન ગર્ગે ગૌરવભેર ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી અર્પણ કરતા જણાવ્યું કે, સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ એ તાપી જિલ્લાની સાચી ઓળખ છે. સાચી ઓળખ વિજ્ઞાન સેતુ પ્રોજેક્ટ અંતર્ગત વિમાન પ્રવાસ કરી ઈસરોની મુલાકાત લેનાર ૨૮ આદિજાતિ બાળકો પણ છે. આ બાળકો આપણા જિલ્લાના ભવિષ્યના વૈજ્ઞાનિકો અને ખરા અર્થમાં 'તાપી કેતારે'છે. વિકાસના નિત નવા ક્ષિતિજોને સર કરવા નવનિર્મિત ઉકાઈ તાલુકા સંદર્ભે કલેક્ટરશ્રીએ જણાવ્યું કે, સરકારે છેવાડાના માનવી સુધી જનકલ્યાણકારી યોજનાઓના લાભો અને સુવિધા પહોંચાડવા તેમજ વહીવટી સરળતા માટે સોનગઢમાંથી વિભાજિત થયેલ નવનિર્મિત ઉકાઈ તાલુકાની રચના કરી છે. આ નિર્ણય ઉકાઈ તાલુકાના વિકાસની ગતિએ વેગ આપશે. વધુમાં કલેક્ટરશ્રીએ ઉમેર્યુ કે, રાજ્ય સરકારે તાપી જિલ્લાના શૈક્ષણિક, સામાજિક અને આર્થિક વિકાસ માટે અનેકવિધ પરિણામલક્ષી પ્રયાસો કર્યા છે. વર્ષ ૨૦૨૫ની બોર્ડ પરીક્ષામાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૯૫.૦૮ ટકા અને ધોરણ-૧૦નું ૮૧.૮૧ ટકા પરિણામ તેનુ ઉત્તમ ઉદાહરણ છે. તેમણે કહ્યું કે, સરકારની પીએમ આવાસ યોજના હેઠળ જિલ્લાના ૨૧૬૮૨ લાભાર્થીઓના પાકા મકાનનું સપનું સાકાર થયું છે. જિલ્લામાં ૧૦૬૨૭ સખી મંડળો આર્થિક રીતે સશક્ત બન્યા છે. આયુષ્માન ભારત હેઠળ ૮૨૯૦ દર્દીઓને રૂ. ૯ કરોડથી વધુની મફત સારવાર મળી છે. જિલ્લામાં ૧૫૬૯૦ ખેડૂતો ૭૬૮૭ એકરમાં પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. વધુમાં ઉમેર્યુ કે, સરકારે રૂ. ૧૧૬.૦૭ કરોડના ખર્ચે ૧૭૬ કિ.મી. લંબાઈના ૮૮ રસ્તા અને ૧૯ સ્ટ્રક્ચરના કામો મંજૂર કર્યા છે. આ ઉપરાંત, જિલ્લા કક્ષાની યોજનાઓ હેઠળ બીજા રૂ. ૨૧.૯૦ કરોડના ૭૨ કામોનું આયોજન છે. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા પણ જિલ્લામાં શિક્ષણ, નિવાસ અને આર્થિક ઉત્કર્ષ માટે વિવિધ મહત્વપૂર્ણ યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે. ધ્વજવંદન બાદ કલેક્ટરશ્રીએ ખુલ્લી જીપ્સીમાં પરેડનું નિરીક્ષણ કર્યુ હતું. તેઓની સાથે જિલ્લા પોલીસ વડાશ્રી જે. એન. દેસાઈ તથા કમાન્ડર (પીઆઈ) સુશ્રી બી.બી. ચોવટીયા પણ જોડાયા હતા. પોલીસ જવાનોની વિવિધ ટુકડીઓએ શિસ્તબદ્ધ માર્ચ પાસ્ટ અને તાલબદ્ધ રીતે વોલી ફાયરિંગ કરીને રાષ્ટ્રધ્વજને ગૌરવભેર સલામી આપી પોતાની શૌર્યશક્તિનું પ્રદર્શન કરીને પ્રજાસત્તાક પર્વની આન, બાન, શાનમાં વધારો કર્યો હતો. આ તકે કલેક્ટર ડો. વિપીન ગર્ગે ઉચ્છલ તાલુકાના વિકાસ કામો માટે તાલુકા વિકાસ અધિકારીને રૂ. ૨૫ લાખનો ચેક એનાયત કર્યો હતો. વધુમાં વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર પ્રતિભાઓનું જિલ્લા કલેક્ટરશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, દેશભક્તિના માહોલ વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં ૬ પ્લાટુનની શિસ્તબદ્ધ પરેડ, જનકલ્યાણકારી યોજનાઓથી માહિતગાર કરતા વિવિધ વિભાગના ૧૧ જેટલા આકર્ષક ટેબ્લો અને ડોગ શોના આકર્ષક કરતબોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ પરંપરાગત નૃત્યો અને દેશભક્તિના ગીતો પર સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરી હતી. 'વંદે માતરમ'ના ગાન અને સામૂહિક વૃક્ષારોપણ સાથે ઉજવણીનું ભવ્ય સમાપન થયું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવા, જિલ્લા અગ્રણીશ્રી સુરજભાઈ વસાવા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી રામનિવાસ બુગાલિયા, ઉચ્ચ અધિકારીઓ, પદાધિકારીઓ અને મહિલાઓ, બાળકો, યુવાનો સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

વિસનગરના ઐતિહાસિક આંગણે ૭૭મા પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી: પ્રભારી મંત્રી શ્રી પ્રવીણ માળીએ લહેરાવ્યો ત્રિરંગો

પ્રજાસત્તાક પર્વ આપણા હૃદયમાં દેશપ્રેમ, ફરજ અને એકતાની નવી ઉર્જા પ્રગટાવે છે: પ્રભારી મંત્રી શ્રી પ્રવીણ માળી

પ્રભારી મંત્રીશ્રીએ મહેસાણા જનરલ હોસ્પિટલ દ્વારા ૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે આયોજિત ૭૭ માઇનોર સર્જરી કેમ્પની પણ મુલાકાત લીધી અને દર્દીઓ સાથે વાર્તાલાપ કર્યો

કમલમ્,મહેસાણા,

મહેસાણા જિલ્લાના ઐતિહાસિક અને સંસ્કારધામ એવા વિસનગર ખાતે ૭૭મા પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા પ્રભારી મંત્રી શ્રી પ્રવીણ માળીએ ગૌરવભેર રાષ્ટ્રધ્વજ લહેરાવીને પરેડનું નિરીક્ષણ કર્યું હતું અને ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન ઝીલ્યું હતું.

આ પાવન અવસરે મંત્રીશ્રીએ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરને ભાવ અંજલિ અર્પણ કરતા કહ્યું હતું કે, પ્રજાસત્તાક પર્વ આપણા હૃદયમાં દેશપ્રેમ, ફરજ અને એકતાની નવી ઉર્જા પ્રગટાવે છે. મંત્રીશ્રીએ પોતાના સંબોધનમાં વિસનગર અને મહેસાણાના ભવ્ય વારસાને યાદ કરતા જણાવ્યું હતું કે, ૧૦મી સદીમાં વિશળદેવ વાઘેલા દ્વારા સ્થાપિત આ 'તામ્ર નગરી' અને ગાયકવાડ શાસનમાં વિકસેલું વિસનગર આજે પણ પોતાની ગરિમા સાચવી રહ્યું છે. તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ વડનગર અને સંગીત બેલડી તાના-રીરીનો ઉલ્લેખ કરી મહેસાણાની સાંસ્કૃતિક ઓળખને બિરદાવી હતી.

મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત આજે સુશાસન અને સુરક્ષાનું પ્રતીક બન્યું છે. મહેસાણાના વિકાસ માટે નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપવો અને ૨૫૦ કરોડના ખર્ચે ઝોનલ કક્ષાનું સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ મંજૂર કરવું એ સરકારની વિકાસ પ્રત્યેની કટિબદ્ધતા દર્શાવે છે. રાજ્યસરકારની જન કલ્યાણકારી યોજનાઓ પર પ્રકાશ પાડતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી યોજનાઓ દીકરીઓના શિક્ષણ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ખેતી માટે સુજલામ સુફલામ યોજના અને આરોગ્ય માટે PMJAY હેઠળ ૧૦ લાખ સુધીની મફત સારવાર જેવી સુવિધાઓ છેવાડાના માનવી સુધી પહોંચી રહી છે.

પ્રજાસત્તાક પર્વની આ ઉજવણી નિમિત્તે મંત્રીશ્રીએ જિલ્લાના વિકાસ કાર્યો માટે ૨૫ લાખનો ચેક જિલ્લા કલેક્ટરશ્રીને અર્પણ કર્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ શાળા અને કોલેજના વિદ્યાર્થીઓએ દેશભક્તિના રંગે રંગાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા, જે બદલ વહીવટી તંત્ર દ્વારા બાળકોને ૨૧,૦૦૦નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લાની વિવિધ કચેરીઓ દ્વારા સરકારની યોજનાઓની માહિતી આપતા ૧૪ જેટલા આકર્ષક ટેબ્લો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં આર.ટી.ઓ. કચેરીના ટેબ્લોએ પ્રથમ સ્થાન, સામાજિક સુરક્ષા કચેરીના ટેબ્લોએ દ્વિતીય સ્થાન અને સામાજિક વનીકરણ કચેરીના ટેબ્લોએ તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. મંત્રીશ્રીએ સામાજિક અને વહીવટી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર મહાનુભાવો અને કર્મચારીઓનું સન્માન કર્યું હતું અને અંતમાં 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ કર્યું હતું અને વૃક્ષ રથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. કાર્યક્રમ બાદ પ્રભારી મંત્રીશ્રીએ મહેસાણા જનરલ હોસ્પિટલ દ્વારા ૭૭ માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે આયોજિત ૭૭ માઈનોર સર્જરી કેમ્પની પણ મુલાકાત લીધી હતી અને દર્દીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. આ ગૌરવશાળી સમારોહમાં સાંસદ શ્રી હરિભાઈ પટેલ અને શ્રી મયંકભાઈ નાયક, ધારાસભ્યો સર્વે શ્રી મુકેશ પટેલ, શ્રી સરદારભાઈ ચૌધરી, શ્રી સુખાજી ઠાકોર, શ્રી રાજેન્દ્રભાઈ ચાવડા, જિલ્લા કલેક્ટર શ્રી એસ.કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડો. હસરત જૈસમીન, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી હિમાંશુ સોલંકી સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં નગરજનોએ ઉપસ્થિત રહી રાષ્ટ્રભક્તિના આ ઉત્સવને વધાવ્યો હતો.

‘તિરંગો લહેરાય છે ગગને, લઈને સ્વપ્ન સૌના સાથનું, ગૌરવ છે મને આ માટીનું, ગૌરવ છે મારા ગણતંત્રનું’:- નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદ જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી

પોલીસ જવાનોના શૌર્યપૂર્ણ કરતબો અને વિદ્યાર્થીઓની સાંસ્કૃતિક કૃતિઓએ જમાવ્યું આકર્ષણ; વિવિધ વિભાગોના ટેબ્લો દ્વારા સરકારી યોજનાઓની ઝાંખી રજૂ કરાઈ

નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે ’ટ્રાફિક એક્શન પ્લાન’ બુકનું વિમોચન અને પિકલ બોલ કોર્ટનું ઉદ્ઘાટન; શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓનું કરાયું બહુમાન

કમલમ્,

રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની અમદાવાદ જિલ્લા કક્ષાની ભવ્ય ઉજવણી અમદાવાદ ગ્રામ્ય જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટર, મકરબા ખાતે દેશભક્તિના જોમ અને ઉત્સાહ સાથે કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ ગરિમાપૂર્ણ સમારોહમાં રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો અને સલામી આપી હતી તથા શિસ્તબદ્ધ પરેડનું નિરીક્ષણ કર્યું હતું. ત્યાર બાદ પોલીસ દળો દ્વારા રાષ્ટ્રીય સલામી સાથે પ્રભાવશાળી માર્ચ પાસ્ટ રજૂ કરવામાં આવી હતી. આ અવસરે સમગ્ર મકરબા પોલીસ ગ્રાઉન્ડ ’ભારત માતા કી જય’ અને ’વંદે માતરમ’ના નાદથી ગૂંજી ઉઠ્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ પ્રજાસત્તાક પર્વના ઐતિહાસિક મહત્ત્વ વિશે વાત કરતાં જણાવ્યું કે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતમાં બંધારણ આધારિત વિશ્વના સૌથી મોટા લોકતંત્રના આત્મસન્માનનો સૂર્યોદય થયો હતો. તેમણે ડૉ. બાબાસાહેબ આંબેડકરના નેતૃત્વમાં ઘડાયેલા સંવિધાનનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે આ પવિત્ર ગ્રંથે આપણને સમાનતા અને ન્યાયના માર્ગે ચાલવાની શક્તિ આપી છે. તેમણે જણાવ્યું કે કનૈયાલાલ મુનશી, સરદાર પટેલ અને મોરારજી દેસાઈ જેવા અનેક બંધારણ ઘડવૈયાઓ ગુજરાતની ધરતીએ આપ્યા છે અને આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આ બંધારણીય મૂલ્યોને દેશના વિકાસમાં ચરિતાર્થ કરી રહ્યા છે. અમદાવાદના ઐતિહાસિક વારસા વિશે વાત કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સાબરમતીના સંત મહાત્મા ગાંધી અને અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલની આ કર્મભૂમિ સત્ય, અહિંસા અને લોખંડી મનોબળનો સંગમ છે. તેમણે ૧૯૩૦ની ઐતિહાસિક દાંડીકૂચનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે આ ભૂમિએ હંમેશાં દેશને આઝાદી અને વિકાસની દિશા ચીંધી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સર્વસમાવેશક અને ટકાઉ વિકાસના નવા માપદંડ સ્થાપિત કરી રહ્યું છે. અમદાવાદ આજે ભારતનું પ્રથમ ’વર્લ્ડ હેરિટેજ સિટી’ બનીને વિશ્વમાં ગુજરાતનું ગૌરવ વધારી રહ્યું છે તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. શહેરના આધુનિક માળખાકીય પરિવર્તન વિશે શ્રી સંઘવીએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રીના વિઝનથી સૂકોભઠ્ઠ રહેતો સાબરમતીનો પટ આજે રિવરફ્રન્ટ, અટલ બ્રિજ અને ક્રૂઝ જેવી સુવિધાઓથી વિશ્વના પ્રવાસન નકશા પર ચમકી રહ્યો છે. તેમણે જિલ્લાના ઔદ્યોગિક વિકાસનો ઉલ્લેખ કરતા કહ્યું કે સાણંદ, ચાંગોદર અને વિરમગામ આજે ગ્લોબલ ઈન્ડસ્ટ્રિયલ હબ બન્યા છે. ધોલેરા ખાતે ભારતનું પ્રથમ આયોજનબદ્ધ સ્માર્ટ ઈન્ડસ્ટ્રિયલ ’ફ્યુચર સિટી’ આકાર લઈ રહ્યું છે. સાણંદ અને ધોલેરામાં મળીને કુલ ૪ સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ કાર્યરત થવાથી અમદાવાદ દેશનો એકમાત્ર જિલ્લો બનશે, જે ભારતને ગ્લોબલ સપ્લાય ચેઈનમાં સિંહફાળો અપાવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. ઔદ્યોગિક ક્ષેત્રે ’મેક ઈન ઈન્ડિયા’ની સફળતા વિશે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે માંડલ-વિઠ્ઠલાપુર વિસ્તાર આજે વિશ્વનું ઓટોમોબાઈલ ઈકોસિસ્ટમ બની ગયું છે. તેમણે હોન્ડા અને સુઝુકી જેવી દિગ્ગજ કંપનીઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે ખોરજ ખાતે મારુતિ સુઝુકી વાર્ષિક ૧૦ લાખ કાર ઉત્પાદન ક્ષમતાનો પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે. જ્યારે દેશનો પહેલો પ્રાઈવેટ સેટેલાઈટ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ પણ અમદાવાદ જિલ્લામાં જ આકાર લઈ રહ્યો છે. વધુમાં, નાયબ

મુખ્યમંત્રીશ્રીએ ‘વિકાસ ભી, વિરાસત ભી’ના મંત્ર હેઠળ લોથલ ખાતે બની રહેલા નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ વિશે વાત કરતા કહ્યું હતું કે આ મ્યુઝિયમ ભારતની હજારો વર્ષ જૂની દરિયાઈ વેપાર સંસ્કૃતિને વિશ્વ સમક્ષ રજૂ કરશે. પર્યાવરણની જાળવણી માટે નળ સરોવર પક્ષી અભયારણ્ય એ આપણી ધરોહર છે. પર્યાવરણ સંરક્ષણ માટે આપણે ‘મિશન ફોર મિલિયન ટ્રી’ જેવાં અભિયાનો પર ભાર મૂક્યો હોવાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. રમતગમત અને શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિઓ વિશે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અમદાવાદ હવે ’સ્પોર્ટ્સ સિટી ઓફ ઈન્ડિયા’ તરીકે ઊભરી રહ્યું છે અને ૨૦૩૬ના ઓલિમ્પિકની યજમાની માટે સજ્જ થઈ રહ્યું છે. તેમણે વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ જેવી વૈશ્વિક ઈવેન્ટ્સ પણ અહીં યોજાવાની છે. શ્રી સંઘવીએ ‘નમો લક્ષ્મી’ અને ‘નમો સરસ્વતી વિજ્ઞાન સાધના’ જેવી યોજનાઓ દ્વારા લાખો વિદ્યાર્થીનીઓને શિક્ષણ માટે આર્થિક સહાય પૂરી પાડવામાં આવી રહી હોવાનું ગર્વભેર જણાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ સ્ટાર્ટઅપ ક્ષેત્રે ગુજરાત સતત પાંચમી વાર ‘બેસ્ટ પર્ફોમર’ જાહેર થયું હોવાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે આપણું યુવાધન હવે ’જોબ સીકર નહીં પણ જોબ ગિવર’ બની રહ્યું છે. વધુમાં, તેમણે વાયબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સિસ દ્વારા મહેસાણા અને રાજકોટમાં થયેલા કરોડોના MoUs, દાવોસ વર્લ્ડ ઈકોમિક ફોરમમાં ગુજરાતનો ડંકો અને જર્મન ચાન્સેલર તેમજ UAEના વડાની મુલાકાતોથી વધેલી વૈશ્વિક શાખનો ઉલ્લેખ કર્યો હતો. પ્રવાસન ક્ષેત્રે ૨૦૨૬ના વર્ષને ‘પ્રવાસન વર્ષ’ તરીકે ઉજવવાની જાહેરાત સાથે અંબાજી, બહુચરાજી, પાવાગઢ, ગિરનાર, દ્વારકા સહિતના યાત્રાધામો ખાતેના વિકાસ કાર્યોની માહિતી તેમણે આપી હતી. સોમનાથ મંદિરના જિર્ણોદ્ધારના સંકલ્પને ૭૫ વર્ષ પૂર્ણ થતાં ઉજવાયેલા સોમનાથ સ્વાભિમાન પર્વ’ને તેમણે શિવ, શ્રદ્ધા અને સાંસ્કૃતિક સ્વાભિમાનનું પર્વ ગણાવ્યું હતું. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની મજબૂત સ્થિતિ અંગે ગૌરવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર ’ઝીરો ટોલરન્સ’ની નીતિ સાથે આગળ વધી રહી છે. ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ સખત કાર્યવાહી કરતા અત્યાર સુધીમાં ૫,૪૮૨ જેટલા ડ્રગ્સ પેડલરોને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે. મહિલા સુરક્ષા અંગે વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે, દીકરીઓ પર અત્યાચાર ગુજારનારા ૧૪ નરાધમોને ફાંસીની સજા અપાવી ગુજરાત દેશભરમાં ઝડપી ન્યાય પ્રક્રિયામાં ટોચના ક્રમે છે. આ ઉપરાંત, ૯૦૭ ગુનેગારોને આજીવન કેદ અને ૧,૫૦૦થી વધુ કેસોમાં માત્ર ૧૫ થી ૩૦ દિવસમાં ચાર્ટશીટ દાખલ કરી પોલીસે રેકોર્ડબ્રેક કામગીરી કરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં સંગઠિત ગુનાખોરી ડામવા માટે ’ગુજસીટોક’ હેઠળ કડક કાર્યવાહી કરાઈ રહી છે, જેમાં વર્ષ ૨૦૨૫માં જ ૩૩૮ ગુંડાઓને જેલભેગા કરાયા છે. પોલીસ દ્વારા ગુમ થયેલા બાળકોને શોધવાના અભિયાનમાં ૬૬,૪૯૭ બાળકોને શોધી કાઢવામાં આવ્યા છે, જેમાંથી ૧૭,૪૭૧ બાળકોને છેલ્લા પાંચ વર્ષમાં તેમના પરિવાર સાથે પુનઃમિલન કરાવાયું છે. ગુંડા તત્વો દ્વારા કરાયેલા ગેરકાયદેસર દબાણો હટાવીને તે જમીનનો ઉપયોગ નાગરિકોના હિતમાં કરવાની નેમ પણ તેમણે આ તકે વ્યક્ત કરી હતી. આ ઉજવણી અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક અને સાહસિક કાર્યક્રમો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા શિવ સ્તુતિ, યોગ પ્રદર્શન, લોકનૃત્ય અને પિરામિડ ફોર્મેશન જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. અમદાવાદ જિલ્લા પોલીસ દ્વારા શક્તિ અને શિસ્તના દર્શન કરાવતા ડોગ સ્ક્વોડ, માઉન્ટેડ પ્રદર્શન, રાયફલ ડ્રીલ અને એસ.ઓ.જી. (SOG) ડ્રીલના કરતબો રજૂ કરવામાં આવ્યા હતા. આ સાથે જ વિવિધ વિભાગો દ્વારા તૈયાર કરાયેલા ટેબ્લો પ્રદર્શન દ્વારા જનકલ્યાણકારી યોજનાઓની

મકરબા પોલીસ ગ્રાઉન્ડ ખાતે દેશભક્તિના માહોલમાં આન-બાન-શાન સાથે રાષ્ટ્રધ્વજ લહેરાવવામાં આવ્યો

-:નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી:-

- અમદાવાદ અને ગુજરાતની પાવન ભૂમિએ દેશને આઝાદી અને વિકાસની દિશા ચીંધી છે
- વડાપ્રધાનશ્રીના વિઝનથી સાણંદ અને ધોલેરા આજે વિશ્વનું સેમિકન્ડક્ટર હબ બની રહ્યા છે
- અમદાવાદ હવે ’સ્પોર્ટ્સ સિટી ઓફ ઇન્ડિયા’ તરીકે ઊભરી રહ્યું છે
- ગુજરાતના યુવાનો આજે ‘જોબ સીકર નહીં, પણ જોબ ગિવર’ બન્યા

ઝાંખી પ્રદર્શિત કરવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ અવસરે ‘ટ્રાફિક એક્શન પ્લાન’ બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. જનજાગૃતિના ભાગરૂપે હેલ્મેટ વિતરણ, પર્યાવરણ જતનના સંદેશ સાથે વૃક્ષારોપણ અને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહન આપવા ’પિકલ બોલ’ કોર્ટનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતું. આ તકે શ્રેષ્ઠ કામગીરી કરનારા કર્મયોગીઓને પણ નાયબ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માનપત્ર આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, જિલ્લા પોલીસ વડા શ્રી ઓમપ્રકાશ જાટ, ધારાસભ્યશ્રી બાબુભાઈ પટેલ તેમજ સામાજિક અને રાજકીય અગ્રણીઓ, પદાધિકારીઓ-અધિકારીઓ, કર્મચારીઓ અને વિશાળ સંખ્યામાં નાગરિકો અને શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

“સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે ૭૭મો પ્રજાસત્તાક દિન ભવ્ય અને ઉત્સાહપૂર્ણ રીતે ઉજવાયો”

કમલમ્,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર ખાતે તારીખ ૨૬ જાન્યુઆરીના રોજ ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિનની ઉજવણી અત્યંત ગૌરવ, ઉત્સાહ અને રાષ્ટ્રીય ભાવનાથી ભરપૂર વાતાવરણમાં કરવામાં આવી હતી. આ પાવન અવસરે યુનિવર્સિટીના માનનીય પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે રાષ્ટ્રધ્વજ ત્રિરંગો લહેરાવી રાષ્ટ્રને નમન કર્યું હતું. આ પ્રસંગે તેમણે ભારત દેશની સ્વતંત્રતા માટે અમૂલ્ય યોગદાન આપનાર કર્મવીર સ્વ. સાંકળચંદભાઈ પટેલ તથા દેશની આઝાદી માટે પોતાનું જીવન સમર્પિત કરનારા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને મહાનુભાવોનું સ્મરણ કરી હૃદયપૂર્વક શાબ્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. પ્રેસિડેન્ટશ્રી પ્રકાશભાઈ પટેલે ઉપસ્થિત સર્વેને પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, કોઈ પણ રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું મજબૂત પાયો તેના યુવાનો અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પર આધારિત હોય છે. સાંકળચંદ પટેલ યુનિવર્સિટી આરોગ્ય, ટેક્નિકલ તથા વ્યાવસાયિક અભ્યાસક્રમો દ્વારા યુવાનોને ઉચ્ચ શિક્ષણ પૂરું પાડી દેશના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહી છે. વધુમાં, તેમણે જણાવ્યું કે પ્રજાસત્તાક દિવસ માત્ર ઉજવણીનો દિવસ નહીં પરંતુ ભારતના સંવિધાન, લોકશાહી, સમાનતા અને ન્યાયના મૂલ્યોને આત્મસાત કરવાનો અવસર છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના “વિકસિત ભારત @2047”ના સંકલ્પને સાકાર કરવા માટે શિસ્તબદ્ધ, જાગૃત અને સંસ્કારસભર યુવાન પેઢીનું નિર્માણ અનિવાર્ય છે અને સાંકળચંદ પટેલ યુનિવર્સિટી હંમેશા તે માટે ઉત્તમ કામ કરી રહી છે. સાથે સાથે યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલી NAAC ‘છ’ ગ્રેડ માન્યતા યુનિવર્સિટીની શૈક્ષણિક ગુણવત્તા, સંશોધન પ્રવૃત્તિ અને સર્વાંગી વિકાસનું પ્રતીક હોવાનું જણાવી સમગ્ર યુનિવર્સિટી પરિવારને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. તેમજ યુનિવર્સિટી દ્વારા આવનારા વર્ષોમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે નિર્માણ પામી રહેલ વિવિધ પ્રોજેક્ટો વિશે પણ વિસ્તૃત માહિતી આપી હતી. આ પ્રસંગે “પ્રેયર ઓફ મધર ઈન્ડિયા” અને માં ભારતી વંદન કાર્યક્રમનું ભાવસભર વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત ઉપાધ્યક્ષ અને મહેસાણા જીલ્લા અધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઈ મોદી તેમજ સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત મંત્રીશ્રી રાકેશભાઈ ગુર્જર અને તેમની ટિમ હજાર રહી હતી અને ભારત માતાના ગૌરવ, બલિદાન અને આધ્યાત્મિક શક્તિનું સ્મરણ કરાવતી આ પ્રાર્થનાએ સમગ્ર વાતાવરણને ભાવનાત્મક અને દેશભક્તિથી પરિપૂર્ણ બનાવી દીધું હતું. ભારત માતા માત્ર ભૂમિ નહીં પરંતુ સંસ્કૃતિ, એકતા, ત્યાગ અને આત્મબલિદાનનું જીવંત પ્રતીક હોવાનું સંદેશ આ પ્રાર્થના દ્વારા પ્રગટ થયો અને હાજર સૌના હૃદયમાં રાષ્ટ્રપ્રેમની લાગણી વધુ દૃઢ બની. આ કાર્યક્રમમાં નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના માનનીય ટ્રસ્ટીશ્રીઓ, પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણી, રજીસ્ટ્રાર ડૉ. પરિમલ ત્રિવેદી, યુનિવર્સિટીની સંલગ્ન સંસ્થાઓના પ્રિન્સિપાલશ્રીઓ, ડીન, ફેકલ્ટી મેમ્બર્સ, એન.એસ.એસ. વોલન્ટિયર્સ તેમજ નૂતન ગ્લોબલ સ્કૂલ અને સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને ભવ્ય બનાવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ તથા NSS યુનિટ દ્વારા કરવામાં આવ્યું હતું.

૭૭મા ગણતંત્ર દિવસે સુમુલ ડેરી ને ગૌરવ:- GST પાલન માટે પ્રશંસા પ્રમાણપત્ર, સુરત

કમલમ્, મયુર પટેલ

૭૭મા ગણતંત્ર દિવસના અવસરે સુરત–તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (સુમુલ ડેરી)ને ભારત સરકારના નાણા મંત્રાલયના આવકવિભાગ હેઠળના CGST અને સેન્ટ્રલ એક્સાઈઝ, સુરત કમિશનરેટ દ્વારા પ્રશંસા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું. આ સન્માન આર્થિક વર્ષ ૨૦૨૪–૨૫ દરમિયાન GST રિટર્ન સમયસર ફાઈલ કરવા તેમજ GST ની નિયમિત ચુકવણી બદલ આપવામાં આવ્યું છે. સુમુલ ડેરી દ્વારા કરવામાં આવેલા આ નિયમિત અને જવાબદાર કર પાલનને રાષ્ટ્રના મજબૂત અને સ્થિર વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન તરીકે માન્યતા આપવામાં આવી છે. પ્રમાણપત્ર કમિશનર (IRS) ડૉ. મનપ્રીત અરોરા દ્વારા તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ એનાયત કરવામાં આવ્યું હતું, જે સુમુલ ડેરી તરફથી મેનેજિંગ ડિરેક્ટર શ્રી સી.એ. અરુણ પુરોહિત એ સ્વીકાર્યું હતું. આ સન્માન સુમુલ ડેરીની મજબૂત નાણાકીય શિસ્ત, પારદર્શક શાસન અને જવાબદાર સહકારી કાર્યશૈલીનું પ્રતિબિંબ છે. સુરત અને તાપી જિલ્લાના લાખો દૂધ ઉત્પાદકો તથા ગ્રાહકોને સેવા આપતી સુમુલ ડેરી સહકારી મૂલ્યો સાથે દેશની અર્થવ્યવસ્થામાં સતત યોગદાન આપી રહી છે. સહકાર આધારિત કાર્યપદ્ધતિ અને ખેડૂતોની ભાગીદારીથી સંચાલિત સુમુલ ડેરી “સહકારથી સમૃદ્ધિ” ના મૂળમંત્રને સાર્થક કરતી આગવી સંસ્થા તરીકે કાર્ય કરી રહી છે.

રાષ્ટ્ર નિર્માણમાં ખાદી અને ગ્રામોદ્યોગ મહત્વની ભૂમિકા ભજવે છે: CEO, KVIC

KVICના મુખ્ય કાર્યકારી અધિકારીએ મુંબઈ સ્થિત KVIC હેડક્વાર્ટર ખાતે ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીને સંબોધિત કરી

ખાદી એ આત્મનિર્ભરતાનું પ્રતીક છે અને સમાજના અંતિમ પગથિયે ઉભેલા લોકોને રોજગારી પૂરી પાડવાનું એક શક્તિશાળી માધ્યમ છે

“નવયુગ ખાદી” એ પરંપરાગત વિરાસત અને આધુનિક નવીનતાના મજબૂત સંગમનું પ્રતિનિધિત્વ કરે છે, જે ખાદીને વૈશ્વિક ઓળખ આપવામાં એક નવો અધ્યાય લખી રહી છે

કમલમ્,

ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC), મુંબઈની મધ્યસ્થ કચેરી ખાતે ૭૭મા પ્રજાસત્તાક દિવસની ખૂબ જ દેશભક્તિના ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. KVIC ના મુખ્ય કાર્યકારી અધિકારી (CEO) શ્રીમતી રૂપ રાશિએ રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો, ત્યારબાદ સામૂહિક રાષ્ટ્રગીત ગાન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મેદનીને સંબોધતા, મુખ્ય કાર્યકારી અધિકારીએ બંધારણના મહત્વ અને લોકશાહી, એકતા અને આત્મનિર્ભરતાના મૂળભૂત મૂલ્યો પર પ્રકાશ પાડ્યો હતો, જે રાષ્ટ્રની પ્રગતિનું માર્ગદર્શન કરે છે. તેમણે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવા, ટકાઉ રોજગારી પેદા કરવા અને દેશભરના કારીગરોને સશક્ત બનાવવામાં ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા ભજવવામાં આવેલી મહત્વની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના વિઝન પ્રત્યે KVIC ની પ્રતિબદ્ધતાને દોહરાવતા, શ્રીમતી રૂપ રાશિએ જણાવ્યું હતું કે ખાદી એ માત્ર કાપડ નથી, પરંતુ રાષ્ટ્રીય ગૌરવ, ટકાઉપણું અને સર્વગ્રાહી વિકાસનું પ્રતીક છે. માનનીય પ્રધાનમંત્રીના વિચારોને ટાંકીને તેમણે કહ્યું કે ખાદી આત્મનિર્ભરતાનું પ્રતિનિધિત્વ કરે છે અને છેવાડાના માનવીને રોજગારી પૂરી પાડવા માટે એક શક્તિશાળી માધ્યમ તરીકે કામ કરે છે, જેનાથી આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મહત્વનું યોગદાન આપે છે. આ પ્રસંગે શ્રીમતી રૂપ રાશિએ નોંધ્યું હતું કે KVIC સાથે જોડાયેલા લગભગ ૯૦ ટકા કારીગરો મહિલાઓ છે. તેમણે અભિપ્રાય આપ્યો હતો કે “નવયુગ ખાદી” પરંપરાગત વિરાસત અને આધુનિક નવીનતાના મજબૂત સંગમનું પ્રતિનિધિત્વ કરે છે, જે ખાદીને વૈશ્વિક ઓળખ આપવામાં એક નવો અધ્યાય શરૂ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખાદી એ માત્ર દોરો નથી, પરંતુ માતાથી પુત્રી, દાદીથી પૌત્રી અને એક પેઢીથી બીજી પેઢી સુધી પહોંચાડવામાં આવેલી એક જીવંત વિરાસત છે અને આ વારસાને ભવિષ્યની પેઢીઓ સુધી આગળ લઈ જવી એ આપણી સામૂહિક જવાબદારી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ખાદી ભારતની સૌથી જૂની અને સૌથી શક્તિશાળી પ્રતિભાઓમાંની એક છે, જે વિશ્વને સર્વસમાવેશક વિકાસમાં ભારતની દ્રઢ શ્રદ્ધાનો સંદેશ પહોંચાડે છે. તેમણે કહ્યું કે, કારીગરો માત્ર કામદારો નથી, પરંતુ વિરાસતના રક્ષકો છે જેઓ પરંપરાને જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે અને તેમની કારીગરી, સર્જનાત્મકતા અને આત્મનિર્ભરતાની ભાવના દ્વારા રાષ્ટ્રને આગળ લઈ જઈ રહ્યા છે. મુખ્ય કાર્યકારી અધિકારીએ ખાદી અને ગ્રામોદ્યોગને પ્રોત્સાહન આપવામાં KVICના અધિકારીઓ અને કર્મચારીઓના સમર્પણ અને પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી અને તેમને રાષ્ટ્ર નિર્માણમાં સંપૂર્ણ નિષ્ઠા અને ઉત્સાહ સાથે કામ કરવા આહવાન કર્યું હતું. તેમણે બંધારણીય મૂલ્યોને જાળવી રાખવા અને ખાદી અને ગ્રામોદ્યોગ દ્વારા દેશના સામાજિક-આર્થિક વિકાસમાં યોગદાન ચાલુ રાખવાના સંકલ્પને પુનઃપુષ્ટ કર્યો હતો. કાર્યક્રમની શરૂઆત વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ, દેશભક્તિ ગીતો અને ભજનો સાથે થઈ હતી અને રાષ્ટ્રગીત સાથે સમાપન થયું હતું. આ પ્રસંગે આયોગના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

માય ભારત-NSS પ્રજાસત્તાક દિવસ ટુકડી ૨૦૨૬ એ કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા સાથે વાતચીત કરી

માનનીય પ્રધાનમંત્રી મોદીજી કલ્પના કરે છે તેમ, અમે એક લાખ યુવા નેતાઓ બનાવવા તરફ કામ કરી રહ્યા છીએ જેઓ ઉદ્દેશ્યથી પ્રેરિત હોય, રાજકારણથી નહીં - એવા નેતાઓ જે ભારતનું ભાગ્ય ઘડશે: ડો. માંડવિયા

કમલમ્,

માય ભારત–NSS પ્રજાસત્તાક દિવસ ટુકડી અને વિશેષ અતિથિઓ ૨૦૨૬ એ આજે મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા સાથે વાતચીત કરી, જે ૭૭મા પ્રજાસત્તાક દિવસ પર દેશભક્તિની ભાવનાને ચિહ્નિત કરે છે.

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ મેદનીને સંબોધિત કરી અને વિકસિત ભારતના વિઝનને હાંસલ કરવામાં યુવાનોની મુખ્ય ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું, "માનનીય પ્રધાનમંત્રી મોદીજી કલ્પના કરે છે તેમ, અમે એક લાખ યુવા નેતાઓ બનાવવા તરફ કામ કરી રહ્યા છીએ જેઓ ઉદ્દેશ્યથી પ્રેરિત હોય, રાજકારણથી નહીં - એવા નેતાઓ જે ભારતનું ભાગ્ય ઘડશે." યુવાનોને રાષ્ટ્ર-પ્રથમની માનસિકતા વિકસાવવા વિનંતી કરતા, ડૉ. માંડવિયાએ રાષ્ટ્ર નિર્માણની પહેલોમાં યુવાનોની આકાંક્ષાઓ અને સહભાગિતાને ચેનલાઈઝ કરવામાં માય ભારત (My Bharat) પ્લેટફોર્મની અસર પર પ્રકાશ પાડ્યો હતો. ડૉ. માંડવિયાએ કારગિલમાં પદયાત્રા, જન ઔષધિ ઈન્ટર્નશિપ અને વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ (VBYLD) માં ૫૦ લાખ સ્પર્ધકોની સહભાગિતા સહિત યુવા જોડાણની પહેલોની રૂપરેખા પણ આપી હતી. તેમણે ઉમેર્યું, "VBYLD 2026 માટે ૩૦૦૦ યુવા નેતાઓની પસંદગી કરવામાં આવી હતી, જેમાં ફાઈનલિસ્ટોએ માનનીય પ્રધાનમંત્રી સમક્ષ સીધા જ વિચારો રજૂ કર્યા હતા, જે નીતિ ઘડતરમાં યુવાનોના યોગદાનને પ્રતિબિંબિત કરે છે.

"યુવા બાબતોના સચિવ ડૉ. પલ્લવી જૈન ગોવિલે તેમના સ્વાગત પ્રવચનમાં પ્રજાસત્તાક દિવસની શુભેચ્છાઓ પાઠવી અને યુવા સશક્તિકરણ પ્રત્યે મંત્રાલયની પ્રતિબદ્ધતા દોહરાવી. માય ભારત-NSS ના કન્ટિન્જન્ટ કમાન્ડર સુશ્રી ચારુએ કર્તવ્ય પથ પર માર્ચ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો અને કેન્દ્રીય મંત્રીને સ્મૃતિચિહ્ન અર્પણ કર્યું. RD પરેડ ૨૦૨૬ ના NSS સ્વયંસેવકો દ્વારા વાઈબ્રન્ટ સાંસ્કૃતિક પ્રદર્શન કાર્યક્રમમાં રંગ ઉમેર્યો હતો.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028